## પ્રકરણ - ૧ આવકવેરા ધારાનો પરિચય

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   (i) આવકવેરા ધારો સમગ્ર ભારતમાં (જમ્મુ-કાશ્મીર સિવાય) લાગુ થાય છે.
   (ii) નાણાખરડાને લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર થયા પછી રાષ્ટ્રપતિની મંજૂરી મળે ત્યારે નાણાધારો બને છે
   (iii) આકારણી વર્ષ 2018-19 માટે વ્યક્તિ કે હિન્દુ અવિભક્ત કુટુંબની કુલ આવક રૂ. 50 લાખથી વધતી ન હોય તો તેના પર કોઇ સરચાર્જ લાદવામાં આવ્યો નથી.
   (iv) આવકવેરો+સરચાર્જ (જો હોય તો)ની રકમ પર 4 %ના દરે હેલ્થ અને શિક્ષણ ઉપ-કર લેવામાં આવે છે.
2. શ્રી દવે (59 વર્ષીય ભારતીય રહીશ)ની આકારણી વર્ષ 2020-21 માટેની રૂ. 3,20,000ની કુલ આવક પર આવકવેરાની કુલ જવાબદારી કેટલી નક્કી થઇ હશે?
   (i) રૂ. 2,060
   (ii) રૂ. 12,000
   (iii) રૂ. શૂન્ય
   (iv) રૂ. 30,000

3. શ્રીમતી ક્ષ (59 વર્ષીય ભારતીય રહીશ)ની આકારણી વર્ષ 2020-21 માં રૂ. 1,75,30,000ની કુલ આવક પર આવકવેરાની કુલ જવાબદારી કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 50,71,500

(ii) રૂ. 55,78,650

(iii) રૂ. 58,32,235

(iv) રૂ. 60,65,524

4. શ્રી ય (68 વર્ષની ઉંમર)ની આકારણી વર્ષ 2020-21 માટેની રૂ. 6,20,000ની આવક પર આવકવેરાની કુલ જવાબદારી કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 35,360

(ii) રૂ. 34,000

(iii) રૂ. 35,0020

(iv) રૂ. 37,595

5. શ્રી ય (82 વર્ષની ઉંમર)ની આકારણી વર્ષ 2020-21 માટેની રૂ. 5,65,000ની કુલ આવક પર આવકવેરાની કુલ જવાબદારી કેટલી નક્કી થઇ હશે ?

(i) રૂ. શૂન્ય

(ii) રૂ. 13,390

(iii) રૂ. 13,000

(iv) રૂ. 13,260

6. ભારતમાં સૌપ્રથમ આવકવેરો ધારાનો અમલ ક્યારે થયો હતો ?

(i) 1,860

(ii) 1910

(i i i) 1922

7. જાહેર નાણાવ્યવસ્થા (Fi nance) પર સૌથી પ્રથમ અધિકૃત પુસ્તક કયું મનાય છે?

(i ) મનુસ્મૃતિ

(ii) અર્થશાસ્ત્ર

(i i i) રઘુવંશ

(i v) ઉપનિષદ

8. નીચેના પૈકી કોને પ્રત્યક્ષ કર ગણવામાં આવે છે ?

(i ) સેવા કર

(i i ) જકાત

(iii) આવકવેરો

(i v) કસ્ટમ ડ્યૂટી

9. નીચેના પૈકી કયો દર હેલ્થ એન્ડ એજ્યુકેશન ઉપકર તરીકે લાગુ થાય છે?

(i) 4%

(i i ) 3%

(i i i ) 2%

(i v) 1%

10. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i ) સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ ફકત કાયદાકીય પ્રશ્નો અંગે જ ચુકાદો આપી શકે છે.

(ii) કરવેરાના કાયદાઓના સંદર્ભમાં ગૃહમંત્રી અને નાણામંત્રી સર્વોચ્ચ અધિકારી ગણાય છે.

(iii) સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ કાયદા દેશ માટે કાયદો (Law of Land)ગણાય છે.

(iv) હાઇકોર્ટના નિર્ણયો તેની હકૂમત હેઠળના વિસ્તાર માટે લાગુ ગણાય છે.

જવાબઃ

1. (i) (નોંધઃ સાચું વિધાન આ મુજબ છેઃ આવકવેરા ધારો સમગ્ર ભારતમાં (જમ્મુ-કાશ્મીર રાજ્ય સહિત) લાગુ થાય છે.)

2. (iii) (નોંધઃ શ્રી દવે (59 વર્ષની ઉંમર) ભારતીય રહીશ છે પરંતુ વરિષ્ઠ નાગરિક નથી તેથી કરવેરાની જવાબદારી નીચે મુજબ નક્કી થઇ હશેઃ

પ્રથમ રૂ. 2,50,000 પર (કરમુક્ત હોવાથી) આવકવેરો = રૂ. શૂન્ય

બાકીના રૂ. 70,000 પર 5%ના દરેઃ આવકવેરો = રૂ. 3,500

કુલ આવકવેરો રૂ. 3,500

બાદઃ કલમ 87એ હેઠળ રિબેટ (કુલ આવકવેરાના 100 % અથવા રૂ. 12,500 પૈકી જે રકમ ઓછી હોય) રૂ. 3,500

આવકવેરાની કુલ જવાબદારી શૂન્ય

3. (iv) (નોંધઃ શ્રીમતી ક્ષ (59 વર્ષની ઉંમર) ભારતીય રહીશ છે પરંતુ વરિષ્ઠ નાગરિક નથી તેથી કરવેરાની જવાબદારી નીચે મુજબ નક્કી થઇ હશેઃ

પ્રથમ રૂ. 2,50,000 પર (કરમુક્ત ગણાય) = રૂ. શૂન્ય

પછીના રૂ. 2,50,000 પર 5%ના દરે = રૂ. 12,500

પછીના રૂ. 5,00,000 પર 20%ના દરે = રૂ. 1,00,000

રૂ. 10,00,000થી વધારાની કુલ આવક

(રૂ. 1,75,30,000 – રૂ. 10,00,000) =

રૂ. 1,65,30,000ના 30% લેખે = રૂ. 49,59,000

કુલ આવકવેરો = રૂ. 50,71,500

+ સરચાર્જ (કુલ આવક રૂ. 1 કરોડથી વધુ છે

પરંતુ રૂ. 2 કરોડથી વધુ નથી તેથી) =

રૂ. 50,71,500 ના 15% = રૂ. 7,69,725

સરચાર્જ સહિત આવકવેરો = રૂ. 58,32,225

+આરોગ્ય અને શિક્ષણ ઉપકર (રૂ. 58,32,225ના 4% લેખે રૂ. 2,33,289

આવકવેરની કુલ જવાબદારી રૂ. 60,65,524

4. (i) (નોંધઃ શ્રી ય (68 વર્ષી ઉંમર) વરિષ્ઠ નાગરિક હોવાથી તેમની આવકવેરાની જવાબદારી નીચે મુજબ નક્કી થઇ હશેઃ

પ્રથમ રૂ. 3,00,000 પર (કરમુક્ત હોવાથી) આવકવેરો = રૂ. શૂન્ય

પછીના રૂ. 2,00,000 પર 5% ના દરેઃ આવકવેરો = રૂ. 10,000

બાકીના રૂ. 1,20,000 પર 20%ના દરેઃ આવકવેરો = રૂ. 24,000

કુલ આવકવેરો = રૂ. 34,000

+સરચાર્જ લાગુ થશે નહીં = રૂ. શૂન્ય

રૂ. 34,000

+ આરોગ્ય અને શિક્ષણ ઉપર (રૂ. 34,000ના 4% લેખે) = રૂ. 1,360

આવકવેરાની કુલ જવાબદારી = રૂ. 35,360

5. (i i) (નોંધઃ શ્રીમતી ય (82 વર્ષની ઉંમર) સુપર વરિષ્ઠ નાગરિક હોવાથી તેમની આવકવેરાની કુલ જવાબદારી નીચે મુજબ નક્કી થઇ હશેઃ

પ્રથમ રૂ. 5,00,000 પર (કરમુક્ત હોવાથી) આવકવેરો = રૂ. શૂન્ય

બાકીના રૂ. 65,000 પર 20%ના દરેઃ આવકવેરો = રૂ. 13,000

કુલ આવકવેરો = રૂ. 13,000

+સરચાર્જ લાગુ થશે નહી = રૂ. શૂન્ય

રૂ. 13,000

+આરોગ્ય અને શિક્ષણ ઉપકર (રૂ. 13,000 ના 4% લેખે) = રૂ. 520

આવકવેરાની કુલ જવાબદારી = રૂ. 13,520

6. (i) (નોધઃ ભારતમાં આવકવેરાનો ઇતિહાસ 1860ના વર્ષથી શરૂ થયો ગણાય કે જ્યારે જેમ્સ વિલિયમ્સે પ્રથમ આવકવેરા ધારો દાખલ કર્યો હતો. આ ધારો 1865માં નાબૂદ થયો હતો.)

7. (ii) (નોંધઃ જાહેર નાણા વ્યવસ્થા, વહીવટ અને મહેસૂલી કાયદાઓ અંગે ભારતમાં પ્રથમ અધિકૃત પુસ્તક કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ગણાય છે. અહી નોંધનીય બાબત એ છે કે આજથી 2300 વર્ષ પહેલાં કરવેરાની જે પદ્ધતિ હતી તે મહદ્ અંશે આજે પણ અમલમાં છે. કૌટિલ્યના મત મુજબ સરકારની તાકાતનું મૂળ તેના ખજાના પર રહેલ છે.)

8. (iii) (નોંધઃ બાકીના ત્રણે કરવેરા અપ્રત્યક્ષ કરવેરા છે.)

9. (i) (નોંધઃ સાચો દર 4 %નો છે જે આવકવેરા+સરચાર્જ (જો હોય તો) ની કુલ રકમ પર ગણાય છે.)

10. (ii) (નોંધઃ કાયદાના અર્થઘટનની કોઇ પણ મંત્રીને સત્તા નથી.)

## પ્રકરણ - ૨ વ્યાખ્યાઓ

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એક કૃત્રિમ રીતે રચાયેલ કાયદેસરના શખસ નો દરજ્જો ધરાવે છે.
   - (ii) ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ શખસોનું મંડળ (AOP) છે.
   - **(iii)** ગુજરાત સ્પોટ્ર્સ કલબ એક સ્પોર્ટ્સ કંપની છે.
   - (iv) પ્રત્યક્ષ કરવેરાના કેન્દ્રીય બોર્ડ (CBDT) ને મળેલી સત્તા મુજબ સત્તા મુજબ તે કોઇ પણ શખસોના મંડળ કે વ્યક્તિઓ ના સમૂહ (BOI) ને કંપની તરીકે જાહેર કરી શકે છે.
2. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી?
   - (i ) આવકવેરાના દર વાર્ષિક નાણાંધારા દ્વારા નિર્ધારિત થાય છે.
   - (ii) આવકવેરાની દષ્ટિએ ખેતીની આવક પણ અન્ય આવકોની જેમ જ કરપાત્ર ગણાય છે.
   - (i i i ) આવકવેરાનો કાયદો 1લી એપ્રિલ, 1962ના રોજથી અમલમાં આવેલ છે.
   - (i v) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દરજ્જો સ્થાનિક સ્વરાજ સંસ્થા નો ગણાય.
3. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(i) ભારત બહાર સ્થિત જામીનગીરીમાંથી ઉદભવેલ અને લેણી થયેલ આવક કરપાત્ર છે.

(ii) કંપની દ્વારા ઉગાડેલ અને તૈયાર કરેલ ચાના વેચાણની આવકનો 60% ભાગ ખેતીની આવક ગણાય છે.

(iii) ખાણોની રોયલ્ટી ની આવક ખેતીની આવક છે.

(iv) ક્રિકેટરને ઉત્કૃષ્ટ ગેંદબાજી માટે મળેલ રૂ. 1,00,000નું ઇનામ કરપાત્ર આવક ગણાય છે.

4. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(i) ધામપુર શુગર ફેકટરી લિમિટેડે જાહેર કરેલ ડિવિડન્ડ અંશતઃ ખેતીની આવક ગણાય.

(ii) તાઇવાનમાં સ્થિત ખેતીની જમીનમાંથી મળેલ આવક કરપાત્ર ગણાય.

(iii) પ્રેફરન્સ શેરહોલ્ડરોને વહેંચેલ બોનસ શેરો તેમની દષ્ટિએ ડિવિડન્ડ ગણાય.

(iv) ચાનું ઉત્પાદન કરતી કંપની (ચાના છેડ ઉછેરીને તેના પર વધારાની પ્રક્રિયાઓ કર્યા પછી) દ્વારા વેચાણમાંથી થતી આવક અંશતઃ કરમુક્ત ગણાય.

5. નીચે આપેલા વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(i) જંગલમાં પોતાની મેળે ઊગી નીકળેલાં ઝાડના વેચાણમાંથી થતી આવક ખેતીની આવક હોવાથી કરમુક્ત ગણાય.

(ii) જુગારમાંથી કે ગેરકાયદેસર ચાલતી દારૂની ભઠ્ઠીમાંથી થતી આવક પણ કરપાત્ર ગણાય છે,

(i i i) ખેતીના હેતુ માટે – સિંચાઇ માટે પાણી પુરું પાડવાના ધંધામાંથી મળતી આવક ખેતીની આવક ગણાય,

(i v) લોટરીની આવક કરપાત્ર આવક ગણાતી નથી.

6. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(i) દાણચોરીનાં ધંધાની આવક પણ કરપાત્ર ગણાય,

(i i) ખેતીની આવક અને બિનખેતીની આવક ભેગી કરવાને પરિણામે એસેસીની કરવેરાની જવાબદારીમાં વધારો થાય છે,

(iii) ખેતીની જમીન પર સ્થિત ખાણમાંથી મળતી આવક ખેતીની આવક ગણાય.

(i v) આકારણી વર્ષ હંમેશ નાણાકીય વર્ષના પ્રથમ દિવસો શરૂ થાય છે.

7. નીચે દર્શાવેલ આવકો પૈકી કઇ આવક આકસ્મિક આવક નથી ?

(i) શ્રી સ ને શબ્દ-રચના હરીફાઇમાં મળેલ રૂ. 51,000નું ઇનામ,

(ii) શ્રી ગ (એક નામચીન જુગારી)એ પત્તાની રમતમાં જીતેલ રકમ રૂ. 1,00,000,

(iii) શ્રી ય ને પ્રાચીન રજત મુદ્રાઓ (જે કાયદેસર ચલણ નથી) ના વેચાણથી મળેલ આવક રૂ. 2,50,000,

**(iv)** શ્રી ક (ક્રિકેટર) ને નિવૃત્તિ પછી તેના માનમાં રાખેલ બેનિફિટ મેચમાંથી મળેલ રૂ. 11,11,111ની રકમ.

8. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(i) એસેસી હંમેશ એક શખસ હોય છે જ્યારે એક શખસ એસેસી ન પણ હોય,

(i i) કોઇ શખસની આકારણીને પાત્ર આવક ન હોવા છતાં તે એસેસી હોઇ શકે,

(i i i) કેટલાક કિસ્સાઓમાં પાછલા વર્ષની આવકની તે જ વર્ષમાં આકારણી થાય છે,

(iv) શખસોના મંડળમાં ફકત વ્યક્તિઓનો જ સમાવેશ થાય છે.

9. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી?

(i) તા. 31મી જાન્યુઆરી, 2020ના રોજ શરૂ કરેલ નવા ધંધા માટેનું સંબંધિત આકારણી વર્ષ 2021-22 ગણાય,

(i i) તા. 30મી જૂન, 2016 ના રોજ ચોપડે નોંધેલ ખુલાસા વગરની રોકડ જમા માટેનું પાછલું વર્ષ 2016-17 ગણાય,

(i i i) નાણાં ધીરનારને તેના નફાના ભાગ રૂપે મળેલ રૂ. 25,000ની કિંમતની ખેતીની પેદાશ ખેતીની આવક ગણાય નહિ,

(i v) ખેતીની પેદાશનું વેચાણ કરાવી આપવા બદલ એજન્ટને મળતું કમિશન ખેતીની આવક ગણાય નહિ.

10. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(i) ભારતમાં સ્થિત જમીનમાંથી મળતી ખેતીની આવક કરમુક્ત છે.

(ii) ચાના છોડ ઉગાડીને ચાનું ઉત્પાદન કરીને વેચાણ કરવાના ધંધામાંથી થતી 40% આવક ખેતીની આવક ગણાય,

(i i i) રબરના છોડ ઉગાડીને રબરનું ઉત્પાદન કરીને વેચાણ કરવાના ધંધામાંથી થતી 65% આવક ખેતીની આવક ગણાય,

(i v) કોફી ઉગાડીને તેનું સંવર્ધન કરીને વેચાણ કરવાના ધંધામાંથી થતી આવકનો 75% ભાગ ખેતીની આવક ગણાય.

11. નીચે આપેલા વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) ખેતીની આવક સંપૂર્ણપણે કરપાત્ર છે,

(ii) ખેતીની આવકને બિનખેતીની આવક સાથે એકત્ર કરવાનો હેતુ બિનખેતીની આવક પર કરની ગણતરી કરવાનો છે,

(iii) ખેતીની આવકને બિનખેતીની આવક સાથે એકત્ર કરવાનું કામ કોઇ પણ એસેસી માટે કરવું જરૂરી છે, સિવાય કે તે એસેસી આવકવેરાના નિશ્ચિત દરે આકારણીને પાત્ર હોય,

(iv) ભાગીદારી પેઢીએ કમાયેલ ખેતીની આવક પેઢી તેમ જ ભાગીદારોની દષ્ટિએ પણ કરમુક્ત છે.

12. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) એસેસીપોતે ઉગાડેલ ખેતીની પેદાશનો પોતાના હેતુ માટે વપરાશ થયો હોય તો તે ખેતીની આવક ગણાશે નહિ.

(ii) જો શ્રી ક્ષ (50 વર્ષની ઉંમર)ની બિનખેતીની આવક રૂ. 2,50,000થી ઓછી હોય તો તેમાં ખેતીની આવક ઉમેરાશે નહિ,

(iii) ખેતીની આવક રૂ. 5,000થી વધુ હોય તો પણ બિનખેતીની આવક સાથે તેનું એકત્રીકરણ થાય નહિ,

(iv) મલયેશિયામાં રબર ઉગાડીને તે આવક ભારતમાં મેળવી હોય તો તે ખેતીની આવક હોવા છતાં અન્ય સાધનોની આવક શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે.

13. કર-પરિવર્જનનો અર્થ નીચે મુજબ રજૂ કરી શકાયઃ

(i) કાયદેસર રીતે કરનું ભારણ ન્યૂનતમ કરવું,

(ii) કરના ભારણમાંથી છટકવા માટેનો ગેરકાયદેસર પ્રયત્ન,

(iii) કરવેરા મુલતવી થઇ શકે એવા આશયથી કોઇ કીમતી રોકાણોની ખરીદી,

(iv) ઉપરમાંથી કોઇ પણ નહિ.

જવાબોઃ

1. (iii) (નોંધઃ ગુજરાત સ્પોટર્સ કલબ શખસોનું મંડળ છે.)

2. (ii) (નોંધઃ ખેતીની આવક કરમુક્ત છે, બિનખેતીની આવક સાથે તેનું એકત્રીકરણ ફકત અન્ય આવકો પર આવકવેરો નિર્ધારિત કરવા માટે જ થાય છે.)

3. (iii) (નોંધઃ ખાણોની રોયલ્ટીની આવક ખેતીની આવક ગણાય નહિ.)

4. (i) (નોંધઃ કંપનીએ જાહેર કરેલ ડિવિડન્ડ ખેતીની આવક નથી પરંતુ શેરહોલ્ડર્સની દૃષ્ટિએ કોઇ પણ ડિવિડન્ડ કરપાત્ર નથી.)

5. (ii) (નોંધઃ આવકની કાયદેસરતાને કરપાત્રતા સાથે કોઇ સંબંધ નથી. તમામ ગેરકાયદેસર આવક પણ કરપાત્ર ગણાય છે.)

6. (iii) (નોંધઃ ખાણની આવક ખેતીની આવક ગણાય તે માટેની મૂળભૂત શરતનું પાલન થતું નથી.)

7. (iv) (નોંધઃ પ્રથમ ત્રણ અક્સ્મિક આવકો છે, જ્યારે ચોથી આવક આકસ્મિક આવક પણ નથી અને આવક પણ ગણાય નહિ.)

8. (iv) (નોંધઃ શખસોના મંડળમાં વ્યક્તિ ઉપરાંત અન્ય શખસોનો પણ સમાવેશ થઇ શકે છે.)

9. (i) **(નોંધઃ તા. 31મી જાન્યુઆરી, 2020ના રોજ શરૂ કરેલ નવા ધંધાનું સંબંધિત આકારણી વર્ષ 2020-21 (પાછલું વર્ષ 2019-20 ગણાય)**

10. (ii) **(નોંધઃ આવી આવકનો 60% ભાગ ખેતીની આવક ગણાય.)**

11. (ii) **(નોંધઃ ખરેખર તો ખેતીની આવક કરમુક્ત ગણાય.)**

12. (ii) **(નોંધઃ જો ખેતીની આવક રૂ. 5,000થી વધુ ન હોય તો બિન-ખેતીની આવક સાથે તેનું એકત્રીકરણ થશે નહિ.)**

13. (i) **(નોંધઃ કાયદેસર રીતે કરવેરાનું ભારણ ન્યૂનતમ કરવું તે સાચો જવાબ છે. જો કે કર-પરિવર્જન હંમેશ સફળ થાય તે જરૂરી નથી, પરંતુ તે ગેરકાયદેસર ન પણ હોય. કરચોરી ગેરકાયદેસર છે અને જો તેમ કરતાં એસેસી પકડાય તો તેના પર ગુનો કરવા બદલ પેનલ્ટી તથા જેલની સજા પણ થઇ શકે છે.)**

## પ્રકરણ - 3 કર ભરનારનો રહેઠાણનો દરજ્જો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) કરવેરાના બોજનું ભારણ એસેસીની આવકની રકમ પર આધારિત છે.
   - (ii) પરદેશમાં સ્થિત મકાન મિલકતોની આવક ફકત બિનરહીશ માટે જ કરપાત્ર છે.
   - (iii) રહીશ બનવા માટે એસેસીની પાછલા વર્ષ દરમિયાન ભારતમાં ઓછામાં ઓછા 60 દિવસની હાજરી હોવી જરૂરી છે,
   - (iv) બિન-રહીશને વિશ્વના કોઇ પણ ભાગમાંથી મળેલી આવક સંપૂર્ણપણે કરમુક્ત છે.
2. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?
   - (i) ભારતીય નાગરિકને ભારત સરકાર તરફથી પરદેશમાં બજાવેલ સેવાઓ અંગે મળવાપાત્ર પગાર ભારતમાં કરપાત્ર છે,
   - (ii) કર-ભારણનો આધાર એસેસીની નાગરિકતા, ઉંમર અને રહેઠાણના દરજ્જા પર આધારિત છે,
   - (iii) ભારતમાં લેણી થયેલી કે મળેલી આવક તમામ પ્રકારના એસેસી માટે કરપાત્ર ગણાય છે,
   - (iv) જો કોઇ વ્યક્તિ કોઇ પણ એક મૂળભૂત શરતનું તથા વધારાની બંને શરતોનું પાલન કરે તો તે સામાન્ય રહીશ ગણાય છે.

3. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

**(i)** આવકવેરો ભરવાની જવાબદારી કર ભરનારના વસવાટના હોદ્દાને આધારે નક્કી થાય છે,

(ii) બધા જ શખસ માટે રહેઠાણના દરજ્જા ત્રણ પ્રકારના છે,

(iii) કોઇ પણ બિન-નાગરિક શખસ સામાન્ય રહીશ ગણાય તે માટે પાછલા વર્ષ દરમિયાન તેનો ઓછામાં ઓછા 182 દિવસનો ભારતમાં વસવાટ જરૂરી છે,

(iv) ભારતમાંથી જેનું નિયંત્રણ થતું હોય તેવી વિદેશી કંપની સામાન્ય રહીશ બની શકે નહિ.

4. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) સામાન્ય રહીશની ભારત બહાર ઊપજેલી કે મળેલી આવકનો પણ કુલ આવકમાં સમાવેશ થાય છે,

(ii) જે વ્યક્તિ પાછલા વર્ષથી અગાઉનાં 10 વર્ષ પૈકી ઓછામાં ઓછાં 2 વર્ષ માટે રહીશ હોય અને પાછલા વર્ષથી અગાઉના 7 વર્ષમાં ઓછામાં ઓછા કુલ 730 દિવસ માટે ભારતમાં રહી હોય તો તે વ્યક્તિ સામાન્ય રહીશ ગણાય.

(iii) કોઇ પણ બિન-નાગરિક એસેસી રહીશ ગણાય તે માટે પાછલા વર્ષ દરમિયાન તેનો ઓછામાં ઓછા 182 દિવસનો ભારતમાં વસવાટ જરૂરી છે,

(iv) જે હિન્દુ અવિભક્ત કુટુંબના કામકાજનું નિયંત્રણ અને વહીવટ અંશતઃ ભારતમાંથી થતાં હોય તો પણ તે પાછલા વર્ષ માટે રહીશ ગણાય.

5. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) દરેક ભારતીય કંપની સામાન્ય રહીશ ગણાય છે.

(ii) જો કોઇ વ્યક્તિ પાછલા વર્ષ દરમિયાન 60 દિવસથી ઓછા સમય માટે ભારતમાં રહી હોય તો તે બિનરહીશ ગણાય,

(iii) જે વ્યક્તિ પાછલા વર્ષ દરમિયાન એકંદરે 182 દિવસ માટે ભારતમાં રહી હોય તે સામાન્ય રહીશ નો દરજ્જો ધરાવે છે,

(iv) જે ભારતીય કંપનીનું સંચાલન અને નિયંત્રણ યુ.કે. માંથી થતું હોય તે કંપની સામાન્ય રહીશ ગણાય.

6. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) કોઇ પણ શખસ ભારતમાં નાગરિક છે કે નહિ તેના આધારે તેની કુલ આવક નિર્ધારિત થાય છે,

(ii) એસેસીનો રહેઠાણનો દરજ્જો પાછલા વર્ષ માટે નક્કી થાય છે,

(iii) ભારતમાં ઊપજેલી કે લેણી થયેલી ગણાતી હોય તેવી આવક તમામ પ્રકારની એસેસી માટે કરપાત્ર ગણાય છે,

(iv) જે ધંધાનું નિયંત્રણ ભારતમાંથી થતું હોય તેવા વિદેશમાં સ્થિત ધંધાની આવક સામાન્ય રહીશ તથા સામાન્ય નહિ તેવા રહીશ માટે કરપાત્ર ગણાય છે.

7. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) પરદેશમાં ઊપજેલી કે લેણી થયેલી આવક બારોબાર ભારતમાં મળી હોય તો પણ બિનરહીશ એસેસી માટે કરપાત્ર ગણાય નહિ,

(ii) પરદેશમાં ઊપજેલી કે લેણી થયેલી પગારની આવક જો વિદેશમાં મેળવવામાં આવી હોય તો પણ સામાન્ય રહીશ માટ કરપાત્ર ગણાય,

(i i i) ભારતમાં જે રહીશ હોય તે શખસ તે જ આકારણી વર્ષ માટે અન્ય કોઇ પણ દેશમાં રહીશ બની શકે નહિ,

(i v) જો કોઇ શખસ એક પાછલા વર્ષ માટે રહીશ બની જાય તો ત્યાર પછીનાં પાછલાં વર્ષે માટે પણ તે રહીશ માનવામાં આવશે.

8. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i) જો કોઇ પણ શખસ તેની આવકના કોઇ પણ એક સ્ત્રોત (સાધન) સંબંધમાં રહીશ ગણાતો હશે તો પછી તે પાછલા વર્ષની તેની બીજી આવકનાં સાધનો માટે પણ રહીશ ગણાશે,

(ii) ફકત વ્યક્તિ અને હિન્દુ અવિભક્ત કુટુંબને જ રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ તેવો દરજ્જો મળી શકે,

(iii) એક ભારતીય કંપની હંમેશ ભારતમાં રહીશ ગણાય,

(iv) એક વિદેશી કંપની હંમેશ ભારતમાં બિનરહીશ ગણાય.

9. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i ) ભારતીય કંપનીએ પરદેશમાં ચૂકવેલ ડિવિડન્ડ મેળવનારની દષ્ટિએ આવક ગણાશે નહિ,

(ii) ભારત સરકાર દ્વારા બિનરહીશ ભારતીય નાગરિકને, તેણે પરદેશમાં આપેલી સેવાઓ બદલ, ચૂકવવાપાત્ર પગાર ભારતમાં કરપાત્ર છે,

(i i i) કોઇ કંપની દ્વારા ભારતીય નાગરિકને, તેણે પરદેશમાં આપેલી સેવાઓ બદલ, ચૂકવવાપાત્ર પગાર ભારતમાં ઊપજેલી કે લેણી થયેલી આવક ધારો લેવામાં આવે છે.

(i v) જો કોઇ ભારતીય કંપનીનું સંપૂર્ણ નિયંત્રણ અને વહીવટ પરદેશમાં સ્થિત હોય તો તે કંપની બિનરહીશ કંપની ગણાશે.

10. નીચે આપેલ વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી ભરત (મૂળ ભારતીય વંશજ) તેમના કુટુંબ સાથે તા. 26 મી નવેમ્બર, 2019ના રોજ ભારતની મુલાકાતે આવે છે અને ભારતમાં 186 દિવસનો વસવાટ કરવાની યોજના ધરાવે છે. તેઓ પાછલા વર્ષ 2019-20થી અગાઉનાં 4 વર્ષ દરમિયાન કુલ 764 દિવસ માટે ભારતમાં રહ્યા હતા.

આકારણી વર્ષ 2020-21 માટે તેમનો રહેઠાણનો દરજ્જો શું નક્કી થયો હશે ?

(i) રહીશ અને સામાન્ય રહીશ,

(ii) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ,

(iii) બિન-રહીશ.

11. નીચે આપેલી વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ

ભારતીય નાગરિક શ્રી રોબર્ટ એક ભારતીય વહાણ પર નોકરી કરે છે. પાછલા વર્ષ 2019-20 દરમિયાન તેઓ તા. 15-9-2019ના રોજ યુ.એસ.એ. રજાઓ ગાળવા માટે ભારતમાંથી પ્રસ્થાન કરે છે અને તા. 15-4-2020ના રોજ ભારત પાછા ફરે છે. અગાઉનાં ત્રણ પાછલાં વર્ષ દરમિયાન તેઓ બિન-રહીશ હતા અને તે પહેલાં ભારતમાં કાયમી વસવાટ કરતા હતા.

આકારણી વર્ષ 2020-21 માટે તેમનો રહેઠાણનો દરજ્જો શું નક્કી થયો હશે ?

(i) રહીશ અને સામાન્ય રહીશ,

(ii) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ,

(iii) બિન-રહીશ.

12. નીચે આપેલી વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ

ભારતીય નાગરિક શ્રી ટોપીવાલા એક ભારતીય વહાણ પર નોકરી કરે છે. પાછલા વર્ષ 2019-20 દરમિયાન તા. 15-9-2019ના રોજ તેઓ વહાણના

કર્મચારી તરીકે યુ.કે. માટે પ્રસ્થાન કેર છે અને 29-3-2020 ના રોજ ભારત પાછા આવે છે. અગાઉના 3 પાછલાં વર્ષ દરમિયાન તેઓ બિનરહીશ હતા, પરંતુ તે પહેલાં તેઓ ભારતમાં કાયમી વસવાટ કરતા હતા.

આકારણી વર્ષ 2020-21 માટે તેમનો રહેઠાણનો દરજ્જો શું હશે ?

(i) રહીશ અને સામાન્ય રહીશ,

(ii) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ,

(iii) બિન-રહીશ

13. નીચે આપેલ વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ?

શ્રી બકેટનો જન્મ તા. 10-9-1982ના રોજ ભારતમાં થયો હતો અને પછીથી તેમણે યુ.એસ.એ.ની નાગરિકતા મેળવી હતી. તેમનાં માતા-પિતા, દાદા-દાદી કે નાના-નાનીમાંથી કોઇનો પણ જન્મ અવિભાજિત ભારતમાં થયો નથી.

જો તેઓ પાછલા વર્ષ 2019-20 દરમિયાન 180 દિવસ માટે ભારતની મુલાકાતે આવ્યા હોય તો તેમનો રહેઠાણનો દરજ્જો શું નક્કી થયો હશે ?

(i) રહીશ અને સામાન્ય રહીશ,

(ii) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ,

(iii) બિન-રહીશ.

14. નીચે આપેલ વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ

સુઝાનનો જન્મ તા. 12-3-1986ના રોજ ભારતમાં થયો હતો અને પછીથી તેણે બ્રિટનની નાગરિકતા મેળવી હતી. તેના પિતા અને માતાનો જન્મ 1970માં ભારતમાં થયો હતો. તેના દાદાનો જન્મ માર્ચ, 1947માં કરાંચીમાં થયો હતો. પરંતુ દાદીનો જન્મ 1951માં ઇંગ્લેન્ડમાં થયો હતો. પાછલા વર્ષ 2019-20

દરમિયાન ભારતીય સ્રોતોમાંથી ઘણી મોટી આવક મળી હતી. પા.વ. 2019-20 દરમિયાન સુઝાન 180 દિવસ માટે ભારતમાં રહી હતી.

ઉપરોક્ત માહિતીના આધારે નીચે આપેલ જવાબો પૈકી કયો જવાબ સાચો છે ?

(i) સુઝાનનો જન્મ ભારતમાં થયો હતો તેથી તે સામાન્ય રહીશ ગણાય અને તેની તમામ આવકો (ગમે ત્યાં કમાયેલી હોય) પર આવકવેરો ભરવો પડે,

(ii) સુઝાન મૂળ ભારતીય વંશજ ગણાય અને તે મુજબ તેનો રહેઠાણનો દરજ્જો તથા આવકની કરપાત્રતા નક્કી થાય,

(iii) સુઝાન હવે ભારતીય નાગરિક ન હોવાથી તેણે કોઇ કરવેરા ચૂકવવાના થતા નથી.

(iv) સુઝાનનો દરજ્જો બિન-રહીશ ભારતીય નો ગણાય અને તેને પરિણામે નિશ્ચિત દરે આવકવેરો ચૂકવવાનો થશે.

15. નીચે આપેલી વિગતોના આધારે પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી જોટાંગિયાનો જન્મ તા. 11મી ઓગસ્ટ, 1993ના રોજ ભારતમાં થયો હતો, પરંતુ વર્ષ 2006 થી તેઓએ યુ.એસ.ની નાગરિકતા મેળવી હતી. તેઓ લગ્ન માટે તા. 1-1-2019ના રોજ ભારતમાં આવ્યા હતા અને તા. 30-6-2019ના રોજ યુ.એસ.એ. પાછા ગયા હતા. આ.વ. 2020-21 માટે તેમનો રહેઠાણનો દરજ્જો નીચે મુજબ નક્કી થયો હશેઃ

(i) રહીશ અને સામાન્ય રહીશ,

(ii) રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ,

(iii) બિન-રહીશ.

જવાબોઃ

1. (iii) (નોંધઃ પ્રથમ મૂળભૂત શરત મુજબ ઓછામાં ઓછા 182 દિવસ માટે અને બીજી મૂળભૂત શરત મુજબ ઓછામાં ઓછા 60 દિવસ માટે ભારતમાં વસવાટ કરવો જરૂરી છે.)

2. (ii) (નોંધઃ જે તે પાછલા વર્ષમાં તેના રહેઠાણના દરજ્જાના આધારે કર-ભારણ નક્કી થાય છે.)

3. (i) (નોંધઃ સામાન્ય રહીશે સામાન્ય નહિ તેવા રહીશ સરખામણીએ વધુ કર ચૂકવવો પડે છે, જ્યારે સામાન્ય નહિ તેવા રહીશે બિન-રહીશ કરતાં વધુ કર ચૂકવવો પડે છે.)

4. (iii) (નોંધઃ રહીશ બનવા માટે બિન-નાગરિક એસેસીએ પાછલા વર્ષ દરમિયાન ઓછામાં ઓછા 60 દિવસ માટે અને તેની અગાઉનાં 4 પાછલાં વર્ષમાં ઓછામાં ઓછા 365 દિવસ માટે ભારતમાં વસવાટ કરવો જરૂરી છે.)

5. (iii) (નોંધઃ સામાન્ય રહીશ બનવા માટે તે શખસે વધારાની બે શરતોનું પણ પાલન કરવું જરૂરી છે.)

6. (i) (નોંધઃ કોઇ શખસની કુલ આવકનું નિર્ધારણ તેની નાગરિકતાના આધારે નહિ, પરંતુ તેના રહેઠાણના દરજ્જાના આધારે થાય છે.)

7. (ii) (નોંધઃ સામાન્ય રહીશ હોય તેવા એસેસીએ તેની તમામ આવકો (ગમે ત્યાં લેણી થઇ હોય કે ગમે ત્યાં મળી હોય) અંગે કર ચૂકવવો પડે છે.)

8. (iv) (નોંધઃ એક વિદેશી કંપની પણ ભારતમાં રહીશ ગણાય જો તેનું અસરકારક નિયંત્રણ અને સંચાલન ભારતમાંથી થતું હોય.)

9. (ii) (નોંધઃ ભારત સરકારના કર્મચારીઓએ પરદેશમાં કમાયેલ પગાર પણ ભારતમાં કરપાત્ર ગણાય.)

10. (iii) (નોંધઃ મૂળ ભારતીય વંશજ ભારતની મુલાકાતે આવે ત્યારે બીજી મૂળભૂત શરત અપ્રસ્તુત બની જાય છે, કારણ કે તે શરતમાં 60 દિવસને બદલે, અપવાદ તરીકે, 182 દિવસ ગણવાના હોય છે. તેમ છતાં ભારતમાં મુલાકાતે આવ્યા પછી 182 કે વધુ દિવસ માટે ભારતમાં રોકાવાની યોજનાનો અર્થ એમ નથી થતો કે તે શરતનું પાલન થયું છે. 26-11-2019થી 31-3-2020 સુધીનો પાછલા વર્ષ દરમિયાન ભારતમાં રહેઠાણનો ખરેખર સમય 127 દિવસ હોવાથી તેઓ બિનરહીશ ગણાય.

11. (i) (નોંધઃ શ્રી રોબર્ટ પાછલા વર્ષ 2019-20 દરમિયાન 168 દિવસ માટે ભારતમાં રહ્યા હોવાથી બીજી મૂળભૂત શરતનું પાલન થાય છે (જે મુજબ પાછલા વર્ષમાં ઓછામાં ઓછા 60 દિવસનો અને તેની અગાઉનાં 4 વર્ષમાં ઓછામાં ઓછા 365 દિવસનો વસવાટ હોવો જરૂરી છે). પાછલા વર્ષથી અગાઉનાં 10 વર્ષમાંથી શરૂઆતનાં 7 વર્ષ સુધી તેઓ ભારતમાં જ રહ્યા હોવાથી સામાન્ય રહીશ બનવા માટેની વધારાની બંને શરતોનું પણ પાલન થાય છે. યાદ રાખો કે તેઓ રજાઓ ગાળવા માટે પરદેશ ગયા છે (નહિ કે ભારતીય વહાણના કર્મચારી તરીકે) તેથી બીજી મૂળભૂત શરતમાં અપવાદનો અમલ થઇ શકે નહિ.)

12. (iii) (નોંધઃ પાછલા વર્ષ 2019-20 દરમિયાન શ્રી ટોપીવાલા કુલ 168+4=172 દિવસ માટે ભારતમાં રહ્યા હોવાથી કોઇ પણ મૂળભૂત શરતનું (ભારતમાં ઓછામાં

ઓછા 182 દિવસમાં વસવાટની) પાલન થતું નથી. યાદ રાખો કે તેઓ ભારતીય વહાણના કર્મચારી તરીકે ભારત બહાર ગયા હોવાથી, અપવાદ તરીકે, બીજી મૂળભૂત શરતમાં 60 દિવસને બદલે 182 દિવસ લેવાશે અને તેને પરિણામે તેઓ બિન-રહીશ ગણાય.

13. (iii) (નોંધઃ શ્રી બકેટ (તેમનો જન્મ ભારતમાં થયો હોવાથી મૂળ ભારતીય વંશજ ગણાય) પાછલા વર્ષ 2019-20 દરમિયાન ફકત 180 દિવસ માટે ભારતમાં રહ્યા હોવાથી રહીશ બનવા માટેની કોઇ પણ મૂળભૂત શરતનું પાલન કરતા નથી.)

14. (ii) (નોંધઃ સુઝાનના દાદાનો જન્મ કરાંચીમાં (અવિભક્ત ભારતનો એક ભાગ) થયો હોવાથી તે મૂળ ભારતીય વંશજ ગણાય અને તે મુજબ જ તેનાં રહેઠાણનો દરજ્જો અને આવકની કરપાત્રતા નક્કી થશે.)

15. (iii) (નોંધઃ શ્રી જોટાંગિયા પા.વ. 2019-20 દરમિયાન ફકત 91 દિવસ માટે જ ભારતમાં રહ્યા હોવાથી પ્રથમ મૂળભૂત શરતનું પાલન થતું નથી, એ જ રીતે તેઓ પાછલાં વર્ષ દરમિયાન 60 કે વધુ દિવસ માટે ભારતમાં રહ્યા હોવા છતાં અગાઉના 4 પાછલાં વર્ષ દરમિયાન 365 કે વધુ દિવસ માટે ભારતમાં રહ્યા નથી તેથી બીજી મૂળભૂત શરતનું પણ પાલન થતું નથી.)

## પ્રકરણ - ૪ કરમુક્ત આવકો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) સંસદ સભ્યને મળતું દૈનિક ભથ્થું અન્ય સાધનોની આવક ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,
   - (ii) ટેક્સ કન્સલટન્ટની તમામ પ્રકારની આવકો કરપાત્ર છે,
   - (iii) એક નિપુણ વકીલની તમામ પ્રકારની આવકો કરમુક્ત છે,
   - (iv) ખેતીની આવક સંપૂર્ણપણે કરમુક્ત છે અને કુલ આવકમાં ઉમેરાતી નથી.
2. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?
   - (i) સગીર પુત્રની આવક (જો તેની પોતાની આવડતથી કમાયેલી ન હોય) એસેસીની આવકમાં ઉમેરાશે પરંતુ તે અંગે રૂ. 1,500 સુધીની રકમ કરમુક્ત ગણાય,
   - (ii) પોસ્ટ ઓફિસ કેશ સર્ટિફિકેટ્સની વ્યાજની આવક પણ કરપાત્ર છે.
   - (iii) કાયદેસરના પ્રોવિડન્ટ ફંડના ભાગરૂપે મળેલ કુલ વ્યાજ કરપાત્ર ગણાય,
   - (iv) સરકારી કર્મચારીને મળેલ કોમ્યુટેડ પેન્શન અંશતઃ કરપાત્ર છે.
3. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્યને તે કુટુંબ તરફથી મળતી કોઇ પણ રકમ પૂરેપૂરી કરમુક્ત ગણાય,

(ii) એસેસીને મળેલ આકસ્મિક આવક સંપૂર્ણપણે કરપાત્ર ગણાય,

(iii) ભાગીદારની દષ્ટિએ પેઢીના નફામાંથી મળેલ ભાગ સંપૂર્ણપણે કરપાત્ર ગણાય,

(iv) વિદ્યાર્થીને તેના શિક્ષણ અંગે મળેલ સ્કોલરશિપ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.

4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) સ્કોલરશિપ મળેલ રકમ કરતાં તે હેતુ માટે થયેલ ખરેખર ખર્ચ ઓછો હોય તો બચાવી લીધેલ રકમ કરપાત્ર ગણાય,

(ii) ખોવાયેલી વ્યક્તિને શોધી આપનારને મળેલ ઇનામ (જો કે આ અંગે અગાઉથી કોઇ જાહેરાત થઇ નથી) સંપૂર્ણપણે કરમુક્ત છે.

(iii) રાજ્ય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા નિવૃત્ત ખેલાડીના લાભ માટે યોજાયેલ મેચની આવકનો વધારો તે ખેલાડીની દષ્ટિએ કરમુક્ત આવક છે,

(iv) ખોવાયેલી વ્યક્તિને શોધી આપનારને મળેલ ઇનામ (કે જે અંગે અગાઉથી જાહેરાત કરવામાં આવી હતી) સંપૂર્ણપણે કરપાત્ર છે.

5. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓની આવક પૂરેપૂરી કરમુક્ત છે,

(ii) સરકારી જામીનગીરીઓનું વ્યાજ કુલ આવકમાં ઉમેરાતું નથી,

(iii) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વડોદરા શહેરમાં દૂધના વેચાણમાંથી થતો નફો પણ કરમુક્ત ગણાશે,

(iv) ભારતીય કંપની પાસેથી શેરહોલ્ડરને મળતું ડિવિડન્ડ કરપાત્ર ગણાય નહિ.

6. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i ) યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના યુનિટોની ફેરબદલીથી થતો મૂડીનફો કરમુક્ત છે,

(ii) નિવૃત્તિ વખતે મળેલ માન્ય પ્રોવિડન્ટ ફંડ પ્રમાણસર ધોરણે કરમુક્ત ગણાય,

(i i i ) જીવન વીમા પોલિસી હેઠળ મળેલ રકમ કરમુક્ત છે,

(i v) આકસ્મિક આવક કરપાત્ર છે.

7. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) વિધાન સભા અને વિધાન પરિષદના સભ્યોને મળતું કોન્સ્ટિટ્યુઅન્સી ભથ્થું સંપૂર્ણપણે કરમુક્ત છે,

(ii) ફરજ દરમિયાન અવસાન પામેલ સૈન્યના કર્મચારીના કાયદેસરના ઉત્તરાધિકારીને મળતું કુટુંબ પેન્શન સંપૂર્ણપણે કરમુક્ત છે.

(iii) ભારતમાં ચા ઉગાડવા અને ઉત્પન્ન કરવાના ધંધામાં રોકાયેલ હોય એવા એસેસીને તરફથી (કે તેના દ્વારા) ચાના છોડની પુનઃ સ્થાપના કે સ્થળાંતર માટે મળેલ અનુદાન 60% સુધી કરમુક્ત છે,

(i v) ભારતમાં રબર ઉગાડવા અને ઉત્પન્ન કરવાના ધંધામાં રોકાયેલ એસેસીને તરફથી રબરના છોડની પુનઃ સ્થાપના વગેરે માટે મળેલ અનુદાન સંપૂર્ણપણે કરમુક્ત છે.

8. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) બિનરહીશને નોટીફાઇટ સરકારી જામીનગીરી પર મળેલ વ્યાજ કરમુક્ત છે,

(ii) ભારત સરકાર દ્વારા ભારતીય નાગરિકને વિદેશમાં સેવાઓ બજાવવા બદલ ચૂકવાતો પગાર કરમુક્ત છે,

(iii) ખેતીની આવક કરમુક્ત હોવા છતાં આવકવેરાનો સરેરાશ દર નક્કી કરવાના આશયથી બિનખેતીની આવકમાં ઉમેરવામાં આવે છે.

(iv) નેશનલ પેન્શન સિસ્ટમ ટ્રસ્ટમાંથી તેનું ખાતું બંધ થવાને પરિણામે કર્મચારીને મળતી રકમ તે દિવસે તેને મળવાપાત્ર કુલ રકમના 40% સુધી કરમુક્ત ગણાય.

9. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) શિક્ષણ ખર્ચ માટે વિદ્યાર્થીને મળતી શિષ્યવૃત્તિ આકસ્મિક આવક છે,

(ii) રહીશ શેરહોલ્ડરને ભારતીય કંપની પાસેથી મળતું ડિવિડન્ડ સંપૂર્ણપણે કરમુક્ત આવક છે,

(iii) ભારતીય નાગરિકને પરદેશમાં સેવાઓ બજાવવા બદલ ભારત સરકાર તરફથી મળતાં વિદેશ ભથ્થાં કે વિદેશમાં સવલતો કરમુક્ત ગણાય,

(iv) એસેસીને મળતી આકસ્મિક આવકો પૂરેપૂરી કરપાત્ર ગણાય છે.

10. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) સંસદ સભ્યને મળતો પગાર કરમુક્ત છે,

(ii) કુદરતી આફત વગેરે અંગે સરકાર તરફથી મળતું વળતર કરમુક્ત છે,

(iii) એક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ અંગે મળેલ રૂ. 36,000 પૈકી તેણે બચાવેલ રૂ. 9,000 કરપાત્ર ગણાશે,

(i v) હિન્દી પુસ્તકના લેખકને સરકાર તરફથી મળેલ રૂ. 50,000નું પ્રથમ ઇનામ કરપાત્ર આવક ગણાશે.

11. સંસદ સભ્યને મળતા દૈનિક ભથ્થાની કરપાત્રતાનો સાચો નિયમ શું છે ?

(i ) આવક ગણાશે નહિ,

(i i ) સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે,

(iii) સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે,

(i v) કુલ આવકમાં ફકત દર નક્કી કરવાના હેતુથી સમાવવામાં આવશે.

12. જીવન વીમા પોલિસી અંગે (બોનસ સહિત હોય તો તે પણ) મળેલ રકમની કરપાત્રતાનો સાચો નિયમ શું છે ?

(i) ગમે તે પ્રકારની પોલિસી હોય તો પણ તે કરમુક્ત ગણાશે,

(ii) ગમે તે પ્રકારની પોલિસી હોય તો પણ તે કરપાત્ર ગણાશે,

(iii) ગમે તે પ્રકારની પોલિસી હોય (સિવાય કે કીમેન પોલિસી) તો પણ કરમુક્ત ગણાશે,

(iv) જીવનવીમા નિગમે સ્થાપેલ ફંડમાંથી વ્યક્તિને એન્યુઇટી પ્લાન હેઠળ પેન્શન અંગે મળેલ રકમ કલમ 10 એ હેઠળ કરમુક્ત ગણાશે.

13. સરકારી કર્મચારીને મળતું પેન્શન ...................... છે.

(i ) સંપૂર્ણપણે કરમુક્તઃ

(i i ) પગારની આવક તરીકે કરપાત્ર,

(i i i ) અન્ય સાધનોની આવક તરીકે કરપાત્ર,

(i v) આમાંથી કોઇ નહિ.

14. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાનો સાચાં છે ? તમારો સાચો વિકલ્પ નક્કી કરવાનો છે

(1)હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્યને કુટુંબની આવકમાંથી મળેલ રકમ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય,

(2) ભાગીદારી પેઢીની અલગથી આકારણી થઇ હોય ત્યારે તે પેઢીની આવકમાંથી ભાગીદારને મળેલ ભાગ સંપૂર્ણપણે કરપાત્ર ગણાય,

(3) ગુજરાત ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા કરશન ઘાવરીના લાભ માટે જે ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું તેમાંથી રૂ. 10 લાખ શ્રી ઘાવરીને મળ્યા હતા જે તેમની દષ્ટિએ કરમુક્ત આવક ગણાશે,

(4) તરુણે ખોવાયેલ વ્યક્તિને શોધી આપેલ તે બદલ તેને રૂ. 5,00,000નું ઇનામ મળ્યું છે (જોકે આવા કોઇ ઇનામની અગાઉ કોઇ જાહેરાત થઇ ન હતી.) આ રકમ આકસ્મિક આવક ગણીને સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે.

વિકલ્પોઃ

(i) વિધાન નં. (1), (2) અને (3) સાચાં છે,

(ii) વિધાન નં. (1), (2) અને (4) સાચાં છે,

(iii) વિધાન નં. (1), (3) અને (4) સાચાં છે,

(iv) વિધાન નં. (3), (3) અને (4) સાચાં છે,

જવાબોઃ

1. (iv) (નોંધઃ કલમ 10(1) મુજબ ખેતીની આવક કરમુક્ત હોવા છતાં, બિનખેતીની આવક પર આવકવેરાનો દર નક્કી કરવાના હેતુથી, અમુક સંજોગોમાં તેને બિન-ખેતીની આવકમાં ઉમેરવામાં આવે છે.)

2. (i) (નોંધઃ કલમ 10(32)માં જણાવ્યા મુજબ સગીર સંતાનની આવક તેના માતા-પિતાની કુલ આવકમાં સમાવવામાં આવશે, પરંતુ તે અંગે સગીર સંતાનદીઠ રૂ. 1,500 કે સગીર સંતાનની ખરેખર આવક પૈકી જે રકમ ઓછી હોય તે કરમુક્ત ગણાશે.)

3. (iii) (નોંધઃ જે પેઢીની અલગથી આકારણી થતી હોય તે પેઢીના ભાગીદારને પેઢીના નફામાંથી મળતો ભાગ તેની દષ્ટિએ કરમુક્ત આવક ગણાય. કલમ 10(2એ).)

4. (i) (નોંધઃ કલમ 10(16)ની જોગવાઇ મુજબ શિક્ષણ ખર્ચને પહોંચી વળવા માટે મળતી શિષ્યવૃત્તિ કરમુક્ત ગણાય અને તે માટે ખરેખર થયેલ ખર્ચ ધ્યાનમાં લેવાય નહિ.)

5. (iv) (નોંધઃ કલમ 10(34) હેઠળ શેરહોલ્ડર્સ ભારતીય કંપની પાસેથી મળેલ ડિવિડન્ડ કરમુક્ત ગણાય. જો કે આ અંગે કંપનીએ ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેકસ ચૂકવવો પડશે.)

6. (ii) (નોંધઃ નિવૃત્તિ વખતે માન્ય પ્રોવિડન્ટ ફંડ અંગે મળેલ રકમ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.)

7. (iii) (નોંધઃ કલમ 10(3)ની જોગવાઇ મુજબ ભારતમાં ચા ઉગાડવા અને ઉત્પન્ન કરવાના ધંધામાં રોકાયેલ હોય એવા એસેસીને તરફથી (કે તેના દ્વારા) ચાના છોડની પુનઃસ્થાપના કે સ્થળાંતર માટે મળેલ અનુદાનની રકમ પૂરેપૂરી કરમુક્ત ગણાય.)

8. (ii) (નોંધઃ કલમ 10(7)ની જોગવાઇ મુજબ ભારતીય નાગરિકને પરદેશમાં સેવાઓ આપવા બદલ ભારત સરકાર તરફથી મળતો પગાર કરપાત્ર છે, પરંતુ અન્ય કોઇ પણ ભથ્થાં કે સવલતો આપવામાં આવી હોય તો તે કરમુક્ત છે.)

9. (i) (નોંધઃ શિક્ષણ ખર્ચ માટે વિદ્યાર્થીને મળેલ સ્કોલરશિપની રકમ કરમુક્ત આવક છે.)

10. (ii) (નોંધઃ સંસદ સભ્યને મળતો પગાર કરપાત્ર છે, સ્કોલરશિપ સંપૂર્ણપણે કરમુક્ત આવક છે (ગમે તેટલો ખર્ચ થયો હોય) અને સરકાર તરફથી મળેલ પુરસ્કાર પણ કરમુક્ત છે.)

11. (iii) (નોંધઃ સંસદ સભ્યોને મળતું દૈનિક ભથ્થું સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.)

12. (iv) (નોંધઃ આવકવેરા ધારાની કલમ 10એ હેઠળ આ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.)

13. (ii) (નોંધઃ સરકારી કર્મચારીને એકસામટું મળતું પેન્શન કરમુક્ત ગણાય પરંતુ માસિક પેન્શન કરપાત્ર છે.)

14. (iii) (નોંધઃ વિધાન નં. (2) ખોટું છે – કારણ કે પેઢીની અલગથી આકારણી થઇ હોય ત્યારે પેઢીમાંથી ભાગીદારને મળતો ભાગ કરપાત્ર ગણાય નહિ.)

# પ્રકરણ - ૫ પગારની આવક

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) બાળકો માટે મળતું શિક્ષણ ભથ્થું, બાળક દીઠ માસિક રૂ. 100 લેખે (વધુમાં વધુ 2 બાળકો અંગે) કરમુક્ત ગણાય.
   - (ii) હોસ્ટેલ ખર્ચ માટે મળતું ભથ્થું, બાળક દીઠ માસિક રૂ. 500 લેખે (વધુમાં વધુ 2 બાળકો અંગે) કરમુક્ત ગણાય,
   - (iii) વાહન-વ્યવહાર (ટ્રાન્સપોર્ટ) ભથ્થું માસિક રૂ. 800 લેખે કરમુક્ત ગણાય,
   - (iv) ટ્રાન્સપોર્ટના ધંધામાં કામ કરતા કર્મચારીને મળતું ભથ્થું વધુમાં વધુ માસિક રૂ. 10,000 અથવા મળેલ ભથ્થાના 70% લેખે થતી રકમ પૈકી જે રકમ ઓછી હોય ત્યાં સુધી કરમૂક્ત ગણાય,
2. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?
   - (i) માલિકનો કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાં ફાળો સંપૂર્ણપણે કરમુક્ત છે.
   - (ii) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફાળો પગારના 12% સુધી કરમુક્ત છે,
   - (iii) કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલું વ્યાજ વાર્ષિક 12%ના દર સુધી કરમુક્ત છે.
   - (iv) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલું વ્યાજ વાર્ષિક 9.5% ના દર સુધી કરમુક્ત છે.

3. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ii) અમાન્ય પ્રોવિડન્ડ ફંડમાં જમા થતું વ્યાજ જે વર્ષમાં લેણું થયું હોય તે વર્ષ માટે કરમૂક્ત પણ નથી કે કરપાત્ર પણ નથી,

(iii) કર્મચારીનો પોતાનો ફાળો (કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાં કે માન્ય પ્રોવિડન્ટ ફંડમાં) કુલ ગ્રોસ આવકમાંથી કલમ 80(સી) હેઠળ કપાતને પાત્ર ગણાય,

(iv) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારીનો પોતાનો ફાળો કુલ ગ્રોસ આવકમાંથી કપાતને પાત્ર ગણાય નહિ.

4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાંથી ચુકવણી સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ii) પાંચ વર્ષની નોકરી પૂરી કર્યા પછી માન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી ચૂકવણી સંપૂર્ણપણે કરમુક્ત છે,

(iii) પાંચ વર્ષની નોકરી પૂરી કર્યા પહેલા માન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી ચૂકવણી પ્રમાણસર ધોરણે કરમુક્ત છે,

(iv) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી થયેલ ચુકવણી પૈકી માલિકનો કુલ ફાળો અને તેના પરનું વ્યાજ પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય અને કર્મચારીના પોતાના ફાળા પરનું કુલ વ્યાજ પગારની સાધનોની અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.

5. સરકારી કર્મચારીએ મેળવેલ મનોરંજન ભથ્થા ના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(i) તે સંપૂર્ણપણે કરમુક્ત છે,

(i i ) તે સંપૂર્ણપણે કરપાત્ર છે,

(i i i ) તે મૂળ પગારના 20% કે વધુમાં વધુ રૂ. 5,000 સુધી કરમુક્ત છે,

(iv) તેનો સૌપ્રથમ ગ્રોસ પગારમાં (પૂરેપૂરી રકમનો) સમાવેશ થશે અને ત્યાર પછી મૂળ પગારના 1/5 ભાગ કે ખરેખર મળેલ મનોરંજન ભથ્થું કે રૂ. 5,000 પૈકી સૌથી ઓછી રકમ કપાત તરીકે બાદ થશે.

6. રજાઓના રોકડમાં રૂપાન્તર અંગે જેમને સંપૂર્ણ કરમુક્તિનો હક છે તે સંદર્ભમાં નીચે જણાવેલ કયો જવાબ સાચો છે ?

(i) કેન્દ્ર સરકારના કર્મચારીઓ,

(ii) રાજ્ય સરકારના કર્મચારીઓ

(iii) કેન્દ્ર અને રાજ્ય સરકાર – બંનેના કર્મચારીઓ,

(i v) સરકારી કર્મચારીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના કર્મચારીઓ.

7. સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે મળેલ વળતરની કરમુક્તિ અંગેની મહત્તમ મર્યાદા શું છે ?

(i) રૂ. 5,00,000,

(i i ) રૂ. 3,50,000,

(i i i ) રૂ. 3,00,000,

(i v) રૂ. 2,40,000.

8. બિન-સરકારી કર્મચારી (જેનો ગ્રેચ્યુઇટી ચુકવણી ધારા હેઠળ સમાવેશ થતો નથી) ને મળેલ ગ્રેચ્યુઇટીની કરમુક્ત રકમની ગણતરીના હેતુથી પગાર નો શું અર્થ થાય છે ?

(i) મૂળ પગાર + મોંઘવારી ભથ્થું (જો નિવૃત્તિ લાભ માટે ગણાતું હોય) + કમિશન,

(ii) મૂળ પગાર + કમિશન,

(iii) મૂળ પગાર + મોંઘવારી ભથ્થું (જો નિવૃત્તિ લાભ માટે ગણાતું હોય)

(iv) ફકત મૂળ પગાર.

9. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) અગાઉથી મળેલ પગારનો પગારની કુલ આવકમાં સમાવેશ થશે નહિ,

(ii) ભૂતપૂર્વ માલિક પાસેથી ચાલુ વર્ષ દરમિયાન મળેલ બાકી પગાર નો ચાલુ વર્ષના પગારની આવકમાં સમાવેશ થશે નહિ,

(iii) ઘરભાડા ભથ્થું પૂરેપૂરું કરમુક્ત છે – જો તે રકમ પૂરેપૂરી ભાડા તરીકે ખર્ચી નાખી હોય,

(iv) વાહન ભથ્થામાંથી બચાવેલ ભાગ કરપાત્ર ગણાય.

10. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) સરકારી કર્મચારીને મળેલ મનોરંજન ભથ્થું ગ્રોસ પગારમાંથી મૂળ પગારના 20% લેખે કપાત તરીકે બાદ આપવામાં આવે છે.

(ii) કર્મચારીના માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થતું વ્યાજ વધુમાં વધુ વાર્ષિક 12%ના દર કે મૂળ પગારના 1/ 5 ભાગ પૈકી જે રકમ ઓછી હોય ત્યાં સુધી કરમુક્ત ગણાય છે.

(iii) દાકતરી સારવારની સગવડ અને મફત નાસ્તાની સગવડ સંપૂર્ણપણે કરમુક્ત છે,

(iv) અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો કરપાત્ર છે પરંતુ કર્મચારીનો પોતાનો ફાળો કલમ 80(સી) હેઠળ કપાતને પાત્ર ગણાય છે.

11. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) બિન-સરકારી કર્મચારીને મળેલ ગ્રેચ્યુઇટી અંગે વધુમાં વધુ રૂ. 10,00,000ની કરમુક્તિ મળે,

(ii) કર્મચારીઓને મળતી મફત ગેસની સવલત કરપાત્ર ગણાય,

(iii) કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો ગ્રોસ પગારમાંથી કપાત તરીકે બાદ મળે છે.

(iv) કોઇ પણ સવલત કે લાભ, સંપૂર્ણપણે મફત કે અંશતઃ મફત, મળેલ હોય તો તે ફકત વિશિષ્ટ કર્મચારીઓ માટે જ કરપાત્ર ગણાય.

12. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) મૃત્યુ પામેલ કર્મચારીના ખાતે એકત્ર થયેલી રજાઓ અંગે તેના કાયદેસરના વારસદારને મળતી રકમ પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,

(ii) કંપની દ્વારા કર્મચારીને મળેલ મોટરની સવલત કરપાત્ર ગણાય,

(iii) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 9.5%ના દરે જમા થયેલ વ્યાજ કરમુક્ત છે,

(iv) શિક્ષણને યુનિવર્સિટીની પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવા બદલ મળતું મહેનતાણું પગાર ની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર છે.

13. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફાળો કરપાત્ર સવલત ગણાય,

(ii) માલિકે ભરપાઇ કરી આપેલ ભારતમાં ખરેખર થયેલ મેડિકલ ખર્ચ (ઓપરેશન ખર્ચ, હોસ્પિટલના ખર્ચા અને ટેસ્ટ-દવાઓના ખર્ચ સહિત) સંપૂર્ણતઃ કરપાત્ર છે,

(iii) નિવૃત્ત થયેલ કર્મચારીને મળેલ ચઢેલ રજાઓનો પગાર કરમુક્ત છે,

(i v) માલિક દ્વારા અપાતી મફત ગેસ, વીજળી કે પાણીની સવલત ખાસ કર્મચારીઓ માટે કાયમ કરપાત્ર ગણાય છે.

14. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) વગર ભાડાનું મકાન કરપાત્ર સવલત છે.

(i i) વાર્ષિક રૂ. 4,20,000નો પગાર મેળવનાર કર્મચારીને એકાકી વેપારીની પેઢીમાંથી મળેલ 1.4 લિટર ક્યૂબિક કેપેસિટીની મોટરની સવલત કરમુક્ત છે,

(i i i) વિશિષ્ટ કર્મચારીને આપેલ હોલિડે હોમ સગવડ કરમુક્ત છે.

(i v) કર્મચારીને બહારની સંસ્થામાં પ્રશિક્ષણ અપાવવાનો ખર્ચ કરપાત્ર ગણાય છે.

15. નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) કર્મચારીને આપવામાં આવતી મફત વ્યાજની લોન કરપાત્ર સવલત છે,

(ii) કર્મચારીઓના સમૂહને આપવામાં આવતી મનોરંજનની સગવડ કરપાત્ર સવલત છે,

(iii) કર્મચારી વતી ચૂકવેલ આવકવેરો કરપાત્ર સવલત છે.

(iv) કર્મચારીને મળતી મફત વીજળીની સગવડ વિશિષ્ટ કર્મચારી માટે કરપાત્ર છે.

16. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી અ માસિક રૂ. 30,000 નો પગાર અને રૂ. 10,000નું મોંઘવારી ભથ્થું મેળવે છે. માલિક તરફથી તેમના વતી આવકવેરાના રૂ. 30,000 પણ ભરપાઇ કરી આપવામાં આવ્યા છે.

આકારણી વર્ષ 2020-21 માટે શ્રી અ નો ગ્રોસ પગાર કેટલો હશે ?

**(i)** રૂ. 5,10,000,

(ii) રૂ. 4,80,000,

(iii) રૂ. 3,90,000,

(iv) રૂ. 3,60,000

17.નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી બ ની તા. 1લી એપ્રિલ, 2013ના રોજથી રૂ. 15,000-500-17,000-1,000-25,000ના પગાર ધોરણમાં નિમણૂક થઇ હતી.

પાછલા વર્ષ 2019-20 માટે શ્રી બ નો મૂળ પગાર કેટલો હશે ?

(i) રૂ. 2,04,000,

(ii) રૂ. 2,16,000,

**(iii)** રૂ. 2,28,000

(iv) રૂ. 2,76,000

18. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

સંચાલક કર્મચારી શ્રી ક ને મૂળ પગાર, મોંઘવારી ભથ્થું અને બોનસ અનુક્રમે રૂ. 42,000, રૂ. 21,000 અને રૂ. 18,000 મળે છે. કંપનીએ તેમના વતી કલબ ફીના રૂ. 4,800 અને આવકવેરાના રૂ. 12,000 પણ ચૂકવ્યા છે.

તેમને સવલત તરીકે મળેલ વગર-ભાડાના મકાન માં કંપનીએ વસાવી આપેલ ફર્નિચરની મૂળ કિંમત રૂ. 1,30,000 છે.

શ્રી ક ને મળેલ વગર ભાડાના રહેઠાણની સવલતની કરપાત્ર કિંમત કેટલી હશે ?

**(i)** રૂ. 22,000,

(ii) રૂ. 19,780,

(iii) રૂ. 17,680,

(iv) રૂ. 14,200.

19. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી નરેશને માલિક તરફથી 1.5 લિટર ક્યૂબિક કેપેસિટીવાળી મોટરની સવલત મળી છે, જેનો બધો નિભાવ ખર્ચ એસેસી પોતે ચૂકવે છે અને મોટરનો બંને હેતુઓ માટે ઉપયોગ કરે છે. પા.વ. 2019-20ન  રોકડમાં મળતી પગારની ગ્રોસ આવક રૂ. 48,000 થાય છે.

મોટરની સવલતની કરપાત્ર કિંમત કેટલી ગણાશે ?

(i) રૂ. 7,200,

(ii) રૂ. 2,400,

(iii) રૂ. 2,100,

**(iv)** રૂ. શૂન્ય

20. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી સુરેશ એક કંપનીમાં સંગીત હિત ધરાવનાર શેરહોલ્ડર કર્મચારી છે. તેમનો વાર્ષિક મૂળ પગાર રૂ. 48,000 છે અને કંપનીના નફા પર આધારિત કમિશન રૂ. 12,000 મળે છે. કંપનીએ તેમને મફત ગેસ-વીજળીની સવલત પૂરી પાડી છે. કંપનીએ આ સવલત અંગે વાર્ષિક રૂ. 6,000નો ખર્ચ કર્યો છે.

મફત ગેસ-વીજળીની સવલતની કરપાત્ર કિંમત કેટલી હશે ?

(i) રૂ. 3,000,

(ii) રૂ. 6,000,

(iii) રૂ. 3,750,

(iv) રૂ. 4,800.

21. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી ભાવેશને રૂ. 1,20,000નો વાર્ષિક મૂળ પગાર મળે છે. તેઓ માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ½ મોંઘવારી ભથ્થા સહિતના પગારના 12 ½% લેખે રૂ. 18,750નો ફાળો કપાવે છે. માલિકનો ફાળો 17% લેખે જમા થાય છે. અન્ય સાધનોમાંથી તેમની કરપાત્ર આવકો રૂ. 90,000 છે.

આકારણી વર્ષ 2020-21 માટે તેમનો ગ્રોસ પગાર કેટલો હશે ?

(i) રૂ. 1,42,500,

**(ii)** રૂ. 1,87,500,

(iii) રૂ. 96,000,

(iv) રૂ. 1,47,500

22. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી ઇલેશ ક્ષ લિ. માં તા. 1-12-2017ના રોજથી રૂ. 6,000 – 400 – 8,000 – 500 – 10,000 ના ગ્રેડમાં નોકરીમાં જોડાયા હતા. નિમણૂકની તારીખે તેમને 3 વધારાના ઇજાફા આપવામાં આવેલ હતા. તેમની સેવાઓની કદરરૂપે ફરીથી તા. 1-12-2019ના રોજ એક વધારાનો ઇજાફો મંજૂર કરવામાં આવ્યો હતો. તેઓ માન્ય પ્રોવિડન્ટ ફંડમાં મૂળ પગારના 15% લેખે ફાળો આપે છે (માલિક 17% લેખે ફાળો આપે છે.)

આકારણી વર્ષ 2020-21 માટે તેમનો કરપાત્ર પગાર કેટલો હશે ?

(i) રૂ. 94,800,

(ii) રૂ. 97,440,

**(iii)** રૂ. 49,540,

(iv) રૂ. 1,07,100.

23. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપો:

શ્રી ધર્મેશ 20 વર્ષની નોકરી કર્યા પછી સ્ટેચ્યુટરી કોર્પોરેશનમાંથી નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ વખતે તેમને ગ્રેચ્યુઇટી ઉપરાંત રૂ. 1,20,000ની રકમ 100% લેખે કોમ્યૂટેડ પેન્શન તરીકે મળી હતી.

તેમને મળેલ કોમ્યૂટેડ પેન્શનની કેટલી રકમ કરપાત્ર ગણાશે ?

**(i)** રૂ. શૂન્ય,

(ii) રૂ. 60,000,

(iii) રૂ. 80,000,

(iv) રૂ. 1,20,000.

24. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપો:

શ્રી રંગનાથનને માલિકની માલિકીનું એક મકાન મુંબઇ શહેરમાં ભાડા-વગરની સવલત તરીકે મળેલ છે.

આ સવલતના મૂલ્યાંકન માટેનો કયો નિયમ સાચો છે ?

(i) પગારના 20%,

(ii) પગારના 15%

(iii) પગારના 15% + પગારના 50%થી વધારાનું વાજબી ભાડું,

(iv) પાગરના 10%.

25. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપો:

શ્રી કુપ્પુસ્વામી પોતાની માલિકીની ગાડીનો અંગત તેમ જ ધંધાકીય હેતુઓ માટે ઉપયોગ કરે છે. કારના તમામ ખર્ચા માલિક ભોગવે છે.

આ સવલતની કરપાત્રતા માટેનો કયો આધાર સાચો ગણાય ?

**(i)** ફકત વિશિષ્ટ કર્મચારીની દષ્ટિએ જ કરપાત્ર ગણાશે,

(ii) વિશિષ્ટ કર્મચારી સિવાયના કર્મચારીની દષ્ટિએ જ કરપાત્ર ગણાશે,

(iii) તે વિશિષ્ટ કર્મચારી તેમ જ અન્ય કર્મચારી માટે પણ કરપાત્ર ગણાશે,

(iv) તે કોઇ પણ સ્થિતિમાં કરપાત્ર ગણાશે નહિ.

26. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી ચંદ્રેશ તા. 31-12-2019ના રોજ નિવૃત્ત થાય છે અને અમાન્ય પ્રોવિડન્ટ ફંડની કુલ રૂ. 24,00,000ની રકમ મેળવે છે. આ પૈકી માલિકીનો ફાળો અને તેના પરનું વ્યાજ અનુક્રમે રૂ. 10,00,000 અને રૂ. 4,40,000 છે.

નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન તેમણે મેળવેલ અમાન્ય પ્રોવિડન્ટ ફંડની એકત્રિત રકમની કરપાત્રતાના સંદર્ભમાં સાચું છે ?

**(i)** રૂ. 14,40,000 પગારની આવક શીર્ષક હેઠળ અને રૂ. 2,93,333 અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,

(ii) રૂ. 14,40,000 પગારની આવક શીર્ષક હેઠળ અને રૂ. 9,60,000 અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,

(iii) રૂ. 10,00,000 પગારની આવક શીર્ષક હેઠળ અને રૂ. 14,00,000 અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,

(iv) રૂ. 24,00,000ની પૂરેપૂરી રકમ પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.

27. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી બાસુ એક કંપનીના મેનેજર છે. તેમના વપરાશ માટે કંપનીએ રૂ. 6,00,000ની કિંમતની મોટર ખરીદી હતી. 2 વર્ષ અને 6 માસ સુધી તેમણે તેનો ઉપયોગ કર્યા બાદ કંપનીએ તે મોટર તેમને રૂ. 2,40,000માં વેચી દીધી હતી.

શ્રી બાસુની દષ્ટિએ આ સવલતની કેટલી કિંમત કરપાત્ર ગણાશે ?

(i) રૂ. શૂન્ય,

(ii) રૂ. 1,20,000,

**(iii)** રૂ. 1,44,000,

(iv) રૂ. 2,40,000

28. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

એક કર્મચારીને 1.8 લિટર કેપેસિટીની મોટર કાર સવલત તરીકે મળેલ છે, જેનો નીચે મુજબ ઉપયોગ કરે છેઃ

(અ) ઓફિસના કામ માટે અને (બ) તેમના રહેઠાણથી ઓફિસે આવવા અન પાછા જવા માટે. ડ્રાઇવરના પગાર સહિતના તમામ ચલિત અને જાળવણી ખર્ચા માલિક ભોગવે છે.

આ સવલતની કરપાત્રતા અંગે નીચે જણાવેલ નિયમો પૈકી કયો નિયમ સાચો છે ?

(i) માસિક રૂ. 2,400 લેખે થતી રકમ કરપાત્ર ગણાય,

(ii) માસિક રૂ. 1,800 લેખે થતી રકમ કરપાત્ર ગણાય,

(iii) માસિક રૂ. 600 લેખે થતી રકમ કરપાત્ર ગણાય,

**(iv)** આ સવલત કરપાત્ર ગણાય નહિ.

29. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી કેયૂરે તેમની પગારની આવકની વિગતો નીચે મુજબ રજૂ કરી છેઃ

મૂળ પગાર રૂ. 1,80,000

મોંઘવારી ભથ્થું (પ્રો.ફંડ માટે ધ્યાનમાં લેવાતો નથી) રૂ. 90,000

શિક્ષણ ભથ્થું (3 બાળકો માટે) ( ?)

વગર-ભાડાના બિનસજાવટવાળા મકાનની સવલતનું મૂલ્ય

(જે શહેરની વસ્તી 8,00,000ની છે.)    રૂ. 14,940

તેમણે મેળવેલ શિક્ષણ ભથ્થાની કુલ રકમ કેટલી હશે ?

(i) રૂ. 19,200,

**(ii)** રૂ. 21,600,

(iii) રૂ. 19,920,

(iv) રૂ. 18,000.

30. નીચે આપેલી વિગતો પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી હસમુખે તેમની પગારની આવક અંગે રજૂ કરેલી કેટલીક વિગતો નીચે મુજબ છેઃ

મૂળ પગાર    રૂ. (    ?)

માલિકે તેમના ઘરઘાટીના પગાર અંગે ચૂકવેલ રકમ રૂ. 6,000

બિનસજાવટવાળા મકાનનું મૂલ્ય (શહેરની વસ્તી 18 લાખ) રૂ. (?)

ગ્રોસ પગાર    રૂ, 3,49,200

તેમના મૂળપગાર અને રહેઠાણની સવલત ની રકમો કેટલી હશે ?

(i) અનુક્રમે રૂ. 3,12,455 અને રૂ. 31,745,

**(ii)** અનુક્રમે રૂ. 3,12,000 અને રૂ. 31,200,

(iii) અનુક્રમે રૂ. 2,91,000 અને રૂ. 52,200,

(iv) બે ખૂટતી વિગતો શોધવાનું શક્ય નથી.

જવાબોઃ

1. (ii) (નોંધઃ હોસ્ટેલ ખર્ચ માટેનું ભથ્થું બાળક દીઠ માસિક રૂ. 300 લેખે, વધુમાં વધુ 2 બાળકો માટે કરમુક્ત ગણાય.)

2. (iii) (નોંધઃ કાયદેસરના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા થતું વ્યાજ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.)

3. (i) (નોંધઃ અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો વાર્ષિક ફાળો કરપાત્ર પગારનો ભાગ ગણાય નહિ, પરંતુ નિવૃત્તિ વખતે, માલિકના ફાળાની કુલ રકમ + તેના પરનું વ્યાજ કરપાત્ર ગણીને તે વર્ષની પગારની આવકમાં ઉમેરાશે.)

4. (iii) (નોંધઃ પાંચ વર્ષની નોકરી પૂરી થતાં પહેલાં મળેલ માન્ય પ્રોવિડન્ટ ફંડની રકમ – જેટલે અંશે અગાઉ કરમુક્તિનો લાભ મળ્યો હોય તેટલે અંશે કરપાત્ર ગણાય, પરંતુ વહેલા છૂટા થવાનું કારણ માલિકનો ધંધો બંધ થઇ ગયો હોય કે કર્મચારીની નાદુરસ્ત તબિયત હોય અથવા નવી નોકરીમાં માન્ય પ્રોવિડન્ટ ફંડ ખાતે જૂના બેલેન્સની તબદીલી થઇ હોય તો સંપૂર્ણ કરમુક્તિનો લાભ મળશે.)

5. (iv) (સૌપ્રથમ મનોરંજન ભથ્થાની પૂરેપૂરી રકમ ગ્રોસ પગારમાં સમાવી લેવામાં આવે છે અને ત્યાર પછી કરમુક્ત મનોરંજન ભથ્થું કપાત તરીકે બાદ મળશે.)

6. (iii) (નોંધઃ ચઢેલ રજાઓની અવેજમાં મળેલ પગાર અંગે કરમુક્તિનો લાભ બંને પ્રકારના સરકારી કર્મચારીઓને મળવાપાત્ર છે.)

7. (i) (નોંધઃ વધુમાં વધુ કરમુક્ત રકમ રૂ. 5,00,000.)

8. (i) (નોંધઃ જો નિવૃત્તિ લાભ (દા.ત. પ્રોવિડન્ટ ફંડમાં ફાળો)ની ગણતરી માટે મોંઘવારી ભથ્થું પગારમા ઉમેરાતું હોય તો અહી પણ પગારમાં ઉમેરાશે, એ જ રીતે

કર્મચારી દ્વારા થયેલ વેચાણ પર નિશ્ચિત દરે કમિશન મળતું હોય તો તે કમિશનનો પણ પગારમાં સમાવેશ થશે.

9. (iv) (નોંધઃ વાહન-વ્યવહાર ભથ્થું આપવાનો હેતુ તેનો નોકરીની ફરજો બજાવવા માટે ઉપયોગમાં લેવાનો હોવાથી તેમાંથી બચાવેલ રકમ કરપાત્ર ગણાય.)

10. (iii) (નોંધઃ આ સંપૂર્ણપણે કરમુક્ત સવલતો છે. જો કોઇ તબીબી સારવારનો ખર્ચ ખૂબ વધુ હોય (જેને સામાન્ય પ્રકારની તબીબી સગવડ ન ગણી શકાય એમ હોય) તો તે અંગે પણ કરપાત્રતાનાં ધોરણો નક્કી કરેલાં છે.)

11. (iv) (નોંધઃ એવી ઘણી સગવડો છે જે તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર ગણાય છે.)

12. (iii) (નોંધઃ માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 9.5%થી વધુ દરે જમા થયેલું વ્યાજ કરપાત્ર ગણાય છે.)

13. (ii) (નોંધઃ તબીબી સારવારના બિલની રકમ માલિકે ભરપાઇ કરી આપી હોય તો તે કરપાત્ર ગણાય.)

14. (i) (નોંધઃ વગર ભાડાના મકાનની સવલત (સજાવટવાળું મકાન હોય કે બિનસજાવટવાળું) તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર ગણાય.)

15. (ii) (નોંધઃ કર્મચારીઓના કોઇ પણ સમૂહ માટે મનોરંજનની સગવડ કરમુક્ત ગણાય.)

16. (i) (નોંધઃ ગ્રોસ પગાર = મૂળ પગાર (રૂ. 30,000×12) રૂ. 3,60,000+મોંઘવારી ભથ્થું (રૂ. 10,000×12) રૂ. 1,20,000 + માલિકે ભરપાઇ કરી આપેલ આવકવેરો રૂ. 30,000 = રૂ. 5,10,000.)

17. (iii) (નોંધઃ નોકરીમાં જોડાયા તા. 1-4-2013ના રોજ માસિક મૂળ પગાર રૂ. 15,000 + (દરેક રૂ. 500નો એક એવા 4 ઇજાફા – અનુક્રમે 1-4-2014,, 2015, 2016 અને 2017ના રોજ મંજૂર થયેલ) રૂ. 2,000= રૂ. 17,000+(દરેક રૂ. 1,000નો એક એવા 2 ઇજાફા-અનુક્રમે 1-4-2018 અને 2019માં મંજૂર થયેલ) રૂ. 2,000=રૂ. 19,000, તેથી નાણાકીય વર્ષ 2019-20નો કુલ મૂળ પગાર =રૂ. 19,000 × 12 = રૂ. 2,28,000.

18. (i) (નોંધઃ સ્ટેપ 1 – આ હેતુ માટેનો પગાર નક્કી કરો. પગાર = મૂળ પગાર રૂ. 42,000+ બોનસ રૂ. 18,000 = રૂ. 60,000, સ્ટેપ ૨-25 લાખથી વધુ વસ્તીવાળા શહેર માટે બિનસજાવટવાળા મકાન સવલતની કિંમત = પગાર રૂ. 60,000×15% = રૂ. 9,000 સ્ટેપ 3 – માલિકે વસાવી આપેલ ફર્નિચરની મૂળ કિંમતના 10% લેખે (રૂ. 1,30,0000 × 10%) રૂ. 13,000 તેમાં ઉમેરો, તેથી વગર-ભાડાના મકાન (સજાવટવાળા)ની સવલતની કરપાત્ર કિંમત = રૂ. 9,000+રૂ. 13,000  રૂ. 22,000.)

19. (iv) (નોંધઃ શ્રી નરેશ સંચાલક કર્મચારી કે કંપનીમાં સંગીન હિત ધરાવનાર શેરહોલ્ડર કર્મચારી નથી અને નાણાંમાં મળતી વાર્ષિક પગારની આવક પણ રૂ. 50,000 થી વધુ નથી તેથી તેઓ વિશિષ્ટ કર્મચારી ગણાય નહીં અને તેમને મળેલ મોટરની સવલત સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.)

20. (ii) (નોંધઃ એસેસીના અંગત વપરાશ માટે માલિકે પૂરી પાડેલી મફત ગેસ-વીજળી, પાણીની સવલત પૂરેપૂરી કરપાત્ર છે.)

21. (ii) (નોંધઃ સ્ટેપ 1- સૌપ્રથમ આપેલ હિન્ટ પરથી કુલ મોંઘવારી ભથ્થું ગણોઃ માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો (જે મૂળ પગાર +50% મોંઘવારી ભથ્થા સહિતના પગારના 12.5% લેખે હેયઃ ફ્રૂય 18.750. ચેછી ફ્રૂય 18,750 × 100/ 12.5 = રૂ 1,50,000 – મૂળ પગાર રૂ. 1,20,000 = 50% મોંઘવારી ભથ્થું રૂ. 30,000 અને 100% લેખે મોંઘવારી ભથ્થું કુલ રૂ. 60,000. સ્ટેપઃ ગ્રોસ પગાર = મૂળ પગાર રૂ. 1,20,000 + કુલ મોંઘવારી ભથ્થું રૂ. 60,000 + માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધારાનો ફાળો (17% - કરમુક્ત 12% + = પગાર રૂ. 1,50,000ના 5%) રૂ. 7,500 = રૂ. 1,87,500.)

22. (iii) (નોંધઃ સ્ટેપ 1 – તા. 1-12-2017ના રોજ મૂળ પગાર રૂ. 6,000 + ત્રણ વધારાના ઇજાફા મંજૂર રાખ્યા રૂ. 1,200 = રૂ. 7,200, તા. 1-12-2018ના રોજ મૂળ પગાર = રૂ. 7,200 + રૂ. 400 = રૂ. 7,600, તા. 1-12-2019ના રોજ મૂળ પગાર રૂ. 7,600 + રૂ. 400 (રેગ્યુલર ઇક્રીમેન્ટ) + રૂ. 500 (વધારાનું ઇંક્રીમેન્ટ) = રૂ. 8,500, સ્ટેપ 2- પાછલા વર્ષ 2019-20નો કુલ મૂળ પગાર = (રૂ. 7,600×8માસ) +(રૂ. 8,500×4માસ) = રૂ. 94,800 + માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધારાનો ફાળો (5%) રૂ. 4,740 = ગ્રોસ પગાર રૂ. 99,540 – સ્ટાન્ડર્ડ કપાત રૂ. 50,000 = કરપાત્ર પગાર રૂ. 49,540)

23. (i) (નોંધઃ સરકારી કર્મચારીઓ તથા સ્ટેચ્યુટરી કોર્પોરેશનોના કર્મચારીઓને મળતું કોમ્યૂટેડ પેન્શન સંપૂર્ણપણે કરમુક્ત છે.)

24. (ii) (નોંધઃ સવલત તરીકે મળેલ મકાન મુંબઇ શહેરમાં છે (જેની વસ્તી 25 લાખથી વધુ છે) તેથી પગાર 15% લેખે સવલતની કરપાત્ર કિંમત ગણાશે.)

25. (i) (નોંધઃ એસેસીની માલિકીની અંગત મોટર (કે જેનો બંને હેતુઓ માટે ઉપયોગ થાય છે) અંગે માલિકે ચૂકવેલ નિભાવ ખર્ચની સવલત ફકત વિશિષ્ટ કર્મચારીઓ માટે જ કરપાત્ર ગણાય.)

26. (i) (નોંધઃ માલિકનો કુલ ફાળો + તેના પરનું વ્યાજ (= રૂ. 14,40,000) પગારની આવકના શીર્ષક હેઠલ કરપાત્ર ગણાશે, કર્મચારીના પોતાના ફાળા પરનું વ્યાજ કરપાત્ર ગણીને અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે, રૂ. 24,00,000માંથી રૂ. 14,40,000 બાદ કરતાં કર્મચારીનો પોતાનો કુલ ફાળો અને તેના પરનું વ્યાજ મળશે = રૂ. 9,60,000, હવે આ રકમમાંથી વ્યાજની રકમ જુદી પાડીએ, માલિકનો ફાળો રૂ. 10,00,000 અને તેના પરનું વ્યાજ રૂ. 4,40,000 છે તેથી તે જ પ્રમાણમાં રૂ. 9,60,000માં સમાયેલું વ્યાજ = 9,60,000 × 4,40,000/ 14,40,000 = રૂય 2,93,333.)

27. (iii) (નોંધઃ તાકની મૂશ કિંમત રૂ. 6,00,000 – ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 20%ના દરે 2 વર્ષનો ઘસારો (રૂ. 1,20,000 + રૂ. 96,000) રૂ. 2,16,000 = ટ્રાન્સફર તારીખે કારની ધારી લીઘેલી કિંમત રૂ. 3,84,000 – માલિકે વસૂલ કરેલ અવેજ રૂ. 2,40,000 = સવલતની કરપાત્ર કિંમત રૂ. 1,44,000.)

28. (iv) (નોંધઃ ફકત ઓફિસના કામ માટે વપરાતી મોટરકારની સવલત તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરમુક્ત ગણાય.)

29. (ii) (નોંધઃ સ્ટેપ 1 – શહેરની વસ્તી 10 લાખથી વધુ નથી તેથી વગર – ભાડના બિન-સજાવટવાળા મકાનનું મુલ્ય પગારના 7.5% લેખે નક્કી થયું હશેઃ તેથી પગાર = રૂ. 14,940/ 7.50% = રૂ. 1,99,200, સ્ટેપ 2- મુજબના પગારમાં મૂળ પગાર અને કરપાત્ર શિક્ષણ ભથ્થાનો સમાવેશ થયો હશે, તેથી કરપાત્ર શિક્ષણ ભથ્થું = રૂ. 1,99,200 – રૂ. 1,80,000 = રૂ. 19,200, સ્ટેપ 3- કરપાત્ર શિક્ષણ ભથ્થું રૂ. 19,200 + કરમુક્ત શિક્ષણ ભથ્થું (બાળક દીઠ માસિક રૂ. 100 લેખે, વધુમાં વધુ 2 બાળકો માટે) રૂ. 2,400 = ખરેખર મળેલ કુલ શિક્ષણ ભથ્થું રૂ. 21,600.)

30. (ii) (નોંધઃ શહેરની વસ્તી 10 લાખથી વધુ છે પરંતુ 25 લાખથી વધુ નથી તેથી રહેઠાણની સવલતનું મૂલ્ય પગારના 10% લેખે નિર્ધારિત થયું હશે, ધારણ કરો કે મુજબનો પગાર (અહી ફકત મૂળ પગાર જ છે) રૂ. એકસ હોય તો રહેઠાણનું મૂલ્ય 0.10 થાય, તેથી ગ્રોસ પગાર રૂ. 3,49,200 – રૂ. 6,000 = + 0.10, તેથી 1.10 = રૂ. 3,43,200 અને એકસ = રૂ. 3,12,000 (મૂળ પગાર) તથા 0.10 = રૂ. 31,200 (રહેઠાણની સવલતનું મૂલ્ય.)

# પ્રકરણ - ૬ મકાન મિલકતની આવક

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

   (i) વાર્ષિક મૂલ્યનો અર્થ ખરેખર ભાડું બાદ સ્થાનિક કરવેરા થાય છે,

   (ii) ફકત મકાન માલિક જ તે મિલકત અંગા સ્થાનિક કરવેરા ચૂકવવા માટે જવાબદાર ગણાય છે,

   (iii) અંગત રહેઠાણ માટે વપરાતાં કોઇ પણ બે મકાનોનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાય છે.

   (iv) ભાડૂઆતને પેટા ભાડૂઆત પાસેથી મળેલ આવક પણ મકાન-મિલકતોની આવક ના શીર્ષક હેઠળ આકારણીને પાત્ર છે.

2. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

   (i) અંશતઃ ભાડે આપેલ હોય અને અંશતઃ અંગત રહેઠાણ માટે ઉપયોગમાં લેવાતું હોય તે આખા મકાનનું વાર્ષિક મૂલ્ય એવી ધારણા સાથે નક્કી થશે કે તે આખું મકાન ભાડે આપેલું છે,

   (ii) જે મકાન ભાડે આપી શકાયું નથી તેનું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાય,

   (iii) મકાનો બાંધીને ભાડે આપવાનો ધંધો કરનાર માટે તેની આવક મકાન-મિલકતોની આવક ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય,

(iv) ધંધો વધુ કાર્યક્ષમ રીતે ચલાવી શકાય તે માટે કર્મચારીઓને ભાડે આપેલ મકાનની આવક મકાનમિલકતોની આવક ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય નહિ.

3. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) અંગત રહેઠાણ માટે વપરાતા મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય પણ ધારી લીધેલ આવક તરીકે કરપાત્ર ગણાય,

(ii) ભાડે આપેલ મકાનના ચોખ્ખા વાર્ષિક મૂલ્યમાંથી વધુમાં વધુ રૂ. 50,000ની સ્ટાન્ડર્ડ કપાત બાદ મળે,

(iii) અંગત રહેઠાણ માટે વપરાતા સંયુક્ત માલિકીના મકાનના દરેક સહ-માલિકને કોઇ પણ ખાસ હેતુ માટે લીધેલી લોનના વ્યાજની પ્રમાણસર રકમ કપાત તરીકે મજરે લેવાનો હક છે,

(iv) મકાનના બાંધકામ માટે લીધેલી લોનનું વ્યાજન કપાત તરીકે બાદ કરવાથી નુકસાન બતાવવાની છૂટ નથી.

4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) ભાડે આપેલ મકાન-મિલકતના ગ્રોસ વાર્ષિક મૂલ્યમાંથી મકાન માલિકે ખરેખ (ગમે તે અગાઉના પાછલા વર્ષને લગતા હોય) ચૂકવેલ મ્યુનિસિપલ કરવેરા બાદ કરવામાં આવે છે.

(ii) સંયુક્ત માલિકીના ભાડે આપેલ મકાન અંગે દરેક સહ-માલિકીની દષ્ટિએ તે મકાનની આવકની અલગ અલગ ગણતરી થશે,

(iii) વસૂલ ન થઇ શકે તેવું ભાડું ચોખ્ખા વાર્ષિક મૂલ્યમાંથી કપાત તરીકે બાદ મળશે,

(i v) અંગત રહેઠાણ માટે વપરાતા સંયુક્ત માલિકીના મકાન અંગે એવી ધારણા સાથે ગ્રોસ વાર્ષિક મૂલ્યની ગણતરી કરવામાં આવશે કે તે મકાન ભાડે આપેલું છે.

5. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી નરોત્તમની માલિકીનું મકાન વાર્ષિક રૂ. 60,000ના દરે રહેઠાણ માટે ભાડે આપેલું છે. મકાનનું વાર્ષિક વાજબી ભાડું રૂ. 66,000 અને રેન્ટ કન્ટ્રોલ એક્ટ હેઠળ નિર્ધારિત સ્ટાન્ડર્ડ રેન્ટ રૂ. 63,000 છે તથા પાછલા વર્ષ દરમિયાન ચૂકવેલ મ્યુનિસિપલ વેરા (વાર્ષિક મૂલ્યના 15%) રૂ. 7,500 છે.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 12,000

**(ii)** રૂ. 38,850

(iii) રૂ. 42,000

(iv) રૂ. 46,800

6. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી અર્પણની માલિકીના મકાનમાં એક જ પ્રકારના બે ફ્લેટ છે, જે દરેકનું વાર્ષિક ભાડું રૂ. 24,000 મળે છે. મકાનનું બાંધકામ 2016 પહેલાં પુરું થયું હતું. બંને ફ્લેટ અંગે કુલ સ્થાનિક વેરો રૂ. 18,000 ચૂકવવામાં આવે છે.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

**(i)** રૂ. 21,000

(ii) રૂ. 28,000

(iii) રૂ. 30,000

(iv) રૂ. 40,000

7. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી તર્પણની માલિકીના મકાનનું, કે જેનું બાંધકામ 2017માં થયું હતું, મ્યુનિસિપલ આકારણી મુજબનું મૂલ્ય (જે અંગે 20% લેખે સ્થાનિક કરવેરા ગણાય છે) રૂ. 72,000 છે. તેમની માલિકીનું આ એકમાત્ર મકાન છે અને અન્ય સાધનોમાંથી તેમની કરપાત્ર આવક રૂ. 4,91,000 છે.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 72,000

(ii) રૂ. 57,600

(iii) રૂ. 49,100

**(iv)** રૂ. શૂન્ય

8. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી અનુરાગની માલિકીના મકાનનું બાંધકામ તા. 31મી મે, 2019ના રોજ પૂરું થયું હતું અને તરત જ માસિક રૂ. 6,000ના દરે ભાડે આપ્યું હતું (તેમણે ચૂકવેલ સ્થાનિક વેરા રૂ. 9,000ના છે). મ્યુનિસિપલ આકારણી મુજબનું વાર્ષિક મૂલ્ય રૂ. 60,000 છે.

ભાડે આપલ મકાનમિલકતનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય કેટલું હશે?

(i) રૂ. 62,000

(ii) રૂ. 60,000

(iii) રૂ. 52,500

**(iv)** રૂ. 51,000

9. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી તુષારની માલિકીના મકાનનું મ્યુનિસિપલ આકારણી મુજબનું મૂલ્ય અને વાજબી ભાડું અનુક્રમે રૂ. 84,000 અને રૂ. 1,00,000 છે. નોકરી-ધંધા અર્થે બહારગામ રહેવાનું હોવાથી પાછલા આખા વર્ષ દરમિયાન તે મકાન ભાડે પણ આપ્યું નથી અને અંગત-રહેઠાણ માટે પણ ઉપયોગમાં લેવાયું નથી.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

**(i)** રૂ. શૂન્ય

(ii) રૂ. 84,000 બાદ સ્થાનિક કરવેરા

(iii) રૂ. 84,000

(iv) રૂ. 1,00,000

10. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી કૈલાસની માલિકીના અંગત રહેઠાણ માટે ઉપયોગમાં લેવાતા મકાનનું મ્યુનિસિપલ આકારણી મુજબનું વાર્ષિક મૂલ્ય રૂ. 36,000 છે, જેના 10% લેખે સ્થાનિક કરવેરા ચૂકવવાના બાકી છે. આ મકાનનું બાંધકામ તા. 31મી માર્ચ, 2019ના રોજ પૂરું થયું હતું અને બાંધકામ માટે લીધેલી લોનનું ચાલુ વર્ષનું રૂ. 12,000નું વ્યાજ બાકી હતું.

તેમની મકાન-મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

**(i)** રૂ. 12,000 (ખોટ)

(ii) રૂ. 13,920

(iii) રૂ. 25,920

(iv) રૂ. 38,850

11. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી અમૃત કનાડાની માલિકીના મકાનનો ¼ ભાગ માસિક રૂ. 1,000ના દરે રહેઠાણ માટે ભાડે આપેલ છે, બીજો ¼ ભાગ પોતાના ધંધા માટે ઉપયોગમાં લેવાય છે અને બાકીનો ભાગ અંગત રહેઠાણ માટે વપરાય છે. મ્યુનિસિપલ આકારણી મુજબ મકાનનું વાર્ષિક મૂલ્ય રૂ. 36,000 છે, જેના 20% લેખે સ્થાનિક કરવેરા ચૂકવ્યા છે તથા મકાનના પુનઃ નિર્માણ માટે લીધેલી લોનનું વાર્ષિક વ્યાજ રૂ. 12,000 છે.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

**(i)** રૂ. 1,860 (ખોટ)

(ii) રૂ. 3,840 (ખોટ)

(iii) રૂ. 5,160 (આવક)

(iv) રૂ. 20,640 (આવક)

12. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી મલયની માલિકીના મકાનનું (જેનું બાંધકામ 31-3-18ના રોજ પુરું થયું હતું) મ્યુનિ. આકારણી મુજબનું વાર્ષિક મૂલ્ય રૂ. 24,000 છે. પા. વ. 2016-17 દરમિયાન આ મકાન પ્રથમ ત્રણ માસ સુધી માસિક રૂ. 1,800ના દરે, પછીના ત્રણ માસ સુધી માસિક રૂ. 1,750ના દરે અને છેલ્લા ત્રણ માસ સુધી માસિક રૂ. 2,400ના દરે ભાડે આપેલ હતું અને બાકીના સમય દરમિયાન અંગત રહેઠાણ

માટે વાપરવામાં આવ્યું હતું. ચૂકવેલ સ્થાનિક કરવેરા રૂ. 6,000 અને ચૂકવેલ મરામત ખર્ચ તથા ઉઘરાણી ખર્ચ રૂ. 9,000 છે.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 360 (ખોટ)

(ii) રૂ. 1,680

(iii) રૂ. 2,520

**(iv)** રૂ. 12,600

13. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી અચ્યુતમની માલિકીના અંગત રહેઠાણ માટે વપરાતા એકમાત્ર મકાનનું મ્યુનિસિપલ આકારણી મુજબનું વાર્ષિક મૂલ્ય રૂ. 1,44,000 છે, જેનાં 20% લેખે સ્થાનિક વેરો ચૂકવ્યો છે. મકાનનું બાંધકામ 2015-16માં પૂરું થયું હતું અને તેના બાંધકામ માટે લીધેલી લોન પર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન રૂ. 1,80,000નું વ્યાજ ચૂકવ્યું છે આ મકાનના મરામત ખર્ચ અંગે વર્ષ 2018-19માં લીધેલી લોન અંગે નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ચૂકવવાપાત્ર વ્યાજ રૂ. 24,000 હતું.

મકાન મિલકતોની આવક ના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઇ હશે?

(i) રૂ. 59,360 (ખોટ)

(ii) રૂ. 83,360 (ખોટ)

**(iii)** રૂ. 2,00,000 (ખોટ)

(iv) રૂ. 1,64,000 (ખોટ)

14. નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નનો જવાબ આપોઃ

શ્રી હરેશકુમારની માલિકીનું મકાન વાર્ષિક રૂ. 96,000 ના દરે રહેઠાણ માટે ભાડે આપેલ છે. મકાનનું વાજબી ભાડું રૂ. 65,000 છે રેન્ટ કન્ટ્રોલ એક્ટ હેઠળ નિર્ધારિત સ્ટાન્ડર્ડ રેન્ટ રૂ. 60,000 છે તથા પાછલા વર્ષ દરમિયાન ચૂકવેલ મ્યુનિસિપલ વેરા, વાર્ષિક મૂલ્યના 15% લેખે રૂ. 12,000 છે.

આકારણી વર્ષ 2020-21 માટે તેમની મકાન મિલકતોની કરપાત્ર આવક કેટલી હશે?

(i) રૂ. 40,250

**(ii)** રૂ. 58,800

(iii) રૂ. 61,950

(iv) રૂ. 50,750

જવાબોઃ

1. (iii) (નોંધઃ અંગત રહેઠાણ માટે વપરાંતા કોઇ પણ બે મકાનોનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાય.)
2. (i) (નોંધઃ આ સ્થિતિમાં એવી ધારણા સાથે દરેકના વાર્ષિક મૂલ્યની ગણતરી થશે કે ભાડે આપેલ ભાગ તથા અંગત વપરાશ માટેના ભાગ બે સ્વતંત્ર એકમો છે.)
3. (iii) (નોંધઃ સંયુક્ત માલિકીની મકાન-મિલકત અંગે દરેક સહમાલિકની દષ્ટિએ ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણીને તેમાંથી તેના ભાગનું લોનનું વ્યાજ મજરે મેળવવાનો હક છે.)

4. (i) (નોંધઃ મકાન માલિકે પાછલા વર્ષ દરમિયાન ખરેખર ચૂકવેલ સ્થાનિક કરવેરા (ગમે તે અગાઉના વર્ષને લગતા હોય) ભાડે આપેલ મકાન-મિલકતના ગ્રોસ વાર્ષિક મૂલ્યમાંથી બાદ મળશે.
5. (ii) (નોંધઃ સ્ટેપ 1 – અપેક્ષિત ભાડું = મ્યુનિસિપલ કિંમત રૂ. 50,000 (રૂ. 7,500 × 100/ 15) અથવા વાજબી ભાડું રૂ. 66,000 પૈકી જે વધુ હોય તે, પરંતુ આ રકમ સ્ટાન્ડર્ડ રેન્ટથી વધુ છે તેથી છેવટે અપેક્ષિત ભાડું = રૂ. 63,000, સ્ટેપ 2 – ખરેખર મળેલ / મળવાપાત્ર ભાડું = રૂ. 60,000, સ્ટેપ 3 – અગાઉના બે સ્ટેપ્સ પૈકી વધુ કિંમત ગ્રોસ વાર્ષિક મૂલ્યના આધાર તરીકે લો અને પાછલા વર્ષમાં મકાન ખાલી રહ્યું નથી તેથી સ્ટેપ 4 મુજબ પણ છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રૂ. 63,000 – ચૂકવેલ સ્થાનિક વેરા રૂ. 7,500 = ચોખ્ખું વાર્ષિક મૂલ્ય રૂ. 55,500 - 30% લેખે સ્ટાન્ડર્ડ કપાત રૂ. 16,650 = મકાન-મિલકતોની કરપાત્ર આવક રૂ. 38,850.)
6. (i) (નોંધઃ મ્યુનિસિપલ કિંમત, વાજબી ભાડું કે સ્ટાન્ડર્ડ રેન્ટની કોઇ વિગત આપી નથી તેથી ગ્રોસ વાર્ષિક મૂલ્ય = ખરેખર ભાડું (રૂ. 24,000 × 2 ફ્લેટ) રૂ. 48,000 – ચૂકવેલ સ્થાનિક વેરા રૂ. 18,000 = ચોખ્ખું વાર્ષિક મૂલ્ય રૂ. 30,000 - 30% લેખે સ્ટાન્ડર્ડ કપાત રૂ. 9,000 = મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક રૂ. 21,000.)
7. (iv) (નોંધઃ અંગત રહેઠાણ માટે વપરાતા મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય = શૂન્ય – ખાસ હેતુ માટે લીધેલી લોનનું વ્યાજ (જો હોય તો ) = મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળની આવક = શૂન્ય.)
8. (iv) (નોંધઃ ભાડે આપેલ મકાનનું બાંધકામ તા. 31મી મે, 2019ના રોજ પુરું થયું હોવાથી પાછલા વર્ષ 2019-20 માટે 10 માસના સમયનું ગ્રોસ વાર્ષિક

મૂલ્ય નિર્ધારિત થશે. સ્ટેપ 1 – અપેક્ષિત ભાડું = પ્રમાણસર મ્યુનિસિપલ મૂલ્ય = રૂ. 60,000 × 10/ 12 = રૂ. 50,000, સ્ટેપ 2 – ખરેખર મળેલ કે મળવાપાત્ર ભાડું = રૂ. 6,000 × 10 = રૂ. 60,000, જે અપેક્ષિત ભાડા કરતાં વધુ હોવાથી ગ્રોસ વાર્ષિક મૂલ્ય રૂ. 51,000.)

9. (i) (નોંધઃ એસેસી કોઇ અન્ય સ્થળે નોકીર-ધંધો કરતો હોય તેને પરિણામે તેની માલિકીનું મકાન પાછલા આખા વર્ષ દરમિયાન ખાલી રહ્યું હોય અને તેમણે તે મકાનમાંથી અન્ય કોઇ પણ પ્રકારનો લાભ ન મેળવ્યો હોય તો તે મકાનનું ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાય)

10. (i) (નોંધઃ અંગત રહેઠાણ માટે વપરાતા મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય = શૂન્ય – બાંધકામ માટે લીધેલી લોનનું વ્યાજ રૂ. 12,000 = ખોટ રૂ. 12,000.)

11. (i) નોંધઃ મકાનના ¼ ભાગનો એસેસીના પોતાના ધંધા માટે ઉપયોગ થાય છે તેથી તે ભાગ આ શીર્ષક હેઠળ કરપાત્ર ન હોવાથી ફકત બાકીના ¾ ભાગ અંગે જ ગણતરી થશે.

ભાડે આપેલ ¼ ભાગઃ સ્ટેપ 1 – અપેક્ષિત ભાડું (મ્યુનિ. આકારણી મુજબ રૂ. 36,000 × ¼) રૂ. 9,000, સ્ટેપ 2 – ખરેખર મળેલ ભાડું = રૂ. 1,000 × 12 = રૂ. 12,000, જે અપેક્ષિત ભાડા કરતાં વધુ હોવાથી ગ્રોસ વાર્ષિક મૂલ્ય રૂ. 12,000 – ચૂકવેલ મ્યુનિ. કરવેરા (રૂ. રૂ. 36,000 × 20%×1/ 4) રૂ. 1,800 = ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય રૂ. 10,200 – (30% લેખે સ્ટાન્ડર્ડ કપાત રૂ. 3,060 + બાંધકામ માટેની લોનનો ¼ભા રૂ. 3,000) રૂ. 6,060 = કરપાત્ર આવક રૂ. 4,140.

અંગત રહેઠાણનો ½ભાગઃ ચોખ્ખું વાર્ષિક મૂલ્ય = શૂન્ય – બાંધકામ માટેની લોનના વ્યાજનો ½ભાગ (રૂ. 1,200×1/ 2) રૂ. 6,000 = ખોટ રૂ. 6,000. તેથી

મકાનમિલકતોની આવક ના શીર્ષક હેઠળની ખોટ = + રૂ. 4,140 – રૂ. 6,000 = - રૂ. 1,860.)

12.(iv) (નોંધઃ જ્યારે રહેઠાણ માટ વપરાતું મકાન પાછલા વર્ષ દરમિયાન અમુક સમય માટે ભાડે આપેલ હોય અને બાકીના સમય માટે અંગત રહેઠાણ માટે ઉપયોગમાં લેવાયું હોય ત્યારે તે મકાન અંગેની આવકની આકારણી નીચે મુજબ થશેઃ

સ્ટેપ 1 – અપેક્ષિત ભાડું (મ્યુનિસિપલ આકારણી) રૂ. 24,000,

સ્ટેપ 2 – ખરેખર મળેલ/ મળવાપાત્ર ભાડું (વર્ષ દરમિયાન વધુમાં વધુ ભાડાના દરના આધારે નક્કી કરેલ છેલ્લા 3 માસના ભાડા પરથી ખરેખર આપેલ 9 માસ માટે રૂ. 2,400 પ્રતિ માસ) રૂ. 21,600, સ્ટેપ 3 – ઉપરની બે કિંમતમાંથી વધુ કિંમત આધાર તરીકે પસંદ કરો. (રૂ. 24,000) અને વેકેન્સી ન હોવાથી છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રૂ. 24,000 – ચૂકવેલ સ્થાનિક વેરા રૂ. 6,000 = ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય રૂ. 18,000 – સ્ટાન્ડર્ડ કપાત (30% લેખે) રૂ. 5,400 = મકાન મિલકતોની કરપાત્ર આવક રૂ. 12,600.)

13.(iii) (નોંધઃ અંગત રહેઠાણ માટે વપરાતા એકમાત્ર મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય = શૂન્ય – લોનનું વ્યાજન (બાંધકામ માટે લીધેલી લોનનું રૂ. 1,80,000 + મરામત માટે લીધેલી લોનનું રૂ. 24,000) = રૂ. 2,04,000 પરંતુ રૂ. 2,00,000 વધુમાં વધુ બાદ મળે = ખોટ રૂ. 2,00,000.)

14.(ii) (નોંધઃ સ્ટેપ 1 – અપેક્ષિત ભાડું (સ્ટાન્ડર્ડ રેન્ટ) રૂ. 60,000, સ્ટેપ 2 – મળેલ/ મળવાપાત્ર ભાડું રૂ. 96,000, સ્ટેપ 3 – બેમાંથી વધુ મૂલ્ય પસંદ થાય = રૂ. 96,000, સ્ટેપ 4 – મકાન ખાલી રહેવાને પરિણામે ગુમાવેલ ભાડાનો મુદ્દો ન હોય ત્યારે સ્ટેપ 3 મુજબની જ છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય ગણાય = રૂ.

96,000 – સ્થાનિક વેરા રૂ. 12,000 = ચોખ્ખું વાર્ષિક મૂલ્ય રૂ. 84,000 – સ્ટાન્ડર્ડ કપાત (30%) રૂ. 25,200 = કરપાત્ર આવક રૂ. 58,800.)

# પ્રકરણ - ૭ આવકવેરાના સત્તાવાળાઓ

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

   (i) ઇન્કમટેકસ ઇન્સ્પેકટરની નિમણૂક આવકવેરા અધિકારી કરે છે,

   (ii) આવકવેરા અધિકારીની નિમણૂક કેન્દ્ર સરકાર કરે છે,

   (iii) કમિશનર્સ ઓફ ઇન્કમટેક્સની નિમણૂક સીધા કરવેરાનું મધ્યસ્થ બોર્ડ કરે છે,

   (iv) કાયદાના પ્રશ્નો સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી ગણાય છે.

2. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

   (i) એસેસમેન્ટ ઓર્ડર મોકલવાની સત્તા ઇન્કમટેક્સ કમિશનરના હસ્તક ગણાય,

   (ii) આવકવેરા અધિકારી ની નિમણૂક ઇન્કમટેક્સ કમિશનર દ્વારા કરવામાં આવે છે,

   (iii) ઇન્કમટેક્સ કમિશનરની નિમણૂકની સત્તા કેન્દ્ર સરકારની છે,

   (iv) કોઇ પણ કેસની હકીકત ના મુદ્દા માટે એપેલેટ ટ્રિબ્યૂનલનો હુકમ છેવટનો ગણાય છે.

3. આકારણી અધિકારી ની સત્તાઓના સંદર્ભમાં નીચે આપેલી કઇ સત્તા તેની સત્તા ગણાય નહિ ?

   (i) કાયમી ખાતા નંબર ફાળવવાની સત્તા,

(i i ) માહિતી મંગાવવાની, હિસાબી ચોપડા મંગાવવાની, કંપની રજિસ્ટર તપાસવાની વગેરે સત્તાઓ,

(i i i ) આવકનું પત્રક મોકલવા માટે નોટિસ બજાવવાની સત્તા,

(iv) તેમણે અગાઉ નાંખેલ પેનલ્ટી વ્યાજ વગેરેની રકમ ઘટાડવાની કે માફ કરવાની સત્તા.

4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i) આવકવેરા અધિકારી વહીવટી અધિકારી છે કે જે એસેસીની આવકની આકારણી કરીને એસેસમેન્ટ ઓર્ડર મોકલાવે છે,

**(ii)** આવકવેરા અધિકારી કોઇ સંસ્થાને કંપની તરીકે જાહેર કરી શકે છે,

(iii) આવકવેરા અધિકારીના ઓર્ડરથી સંતોષ ન હોય તેવા એસેસીએ કરેલ અપીલની સુનાવલણી કરવી તે ડેપ્યૂટી કમિશનર (અપીલ)ની મુખ્ય કામગીરી ગણાય.

(iv) પ્રત્યક્ષ કરવેરાના મધ્યસ્થ મંડળને સત્તા મુજબ તે કાયદા હેઠળ નિયમો બનાવવાની સત્તા ધરાવે છે.

5. નીચે જણાવેલ પૈકી આવકવેરા ધારા હેઠળ કોનો આવકવેરાના સત્તાવાળાઓ માં સમાવેશ થતો નથી?

(i) પ્રત્યક્ષ કરવેરાનું મધ્યસ્થ મંડળ,

**(ii)** ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યૂનલ

(iii) ઇન્કમટેક્સ ઇન્સ્પેકટર્સ

(iv) આકારણી અધિકારી (આવકવેરા અધિકારી).

6. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસે બહાર પાડેલ રક્યુલર્સના સંદર્ભમાં નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે?

(i) તે ફકત એસેસી માટે જ બંધનકર્તા છે.

**(ii)** તે ફકત આવકવેરા સત્તાવાળાઓને જ બંધનકર્તા છે.

(iii) તે એસેસીને તેમજ આવકવેરા સત્તાવાળાઓને પણ બંધનકર્તા છે,

(iv) તે એસેસીને કે આવકવેરા સત્તાવાળાઓને – બેમાંથી કોઇને બંધનકર્તા નથી.

7. નીચે જણાવેલ પૈકી ડેપ્યૂટી કમિશનર ઓફ ઇન્કમટેક્સથી નીચેની પાયરીના આવકવેરા અધિકારીઓની નિમણૂક કરવાની સત્તા કોની ગણાય?

(i) ફકત સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસની,

(ii) કેન્દ્ર સરકારની

(iii) સુપ્રીમ કોર્ટની

(iv) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીસ/ ડાયરેકટર જનરલ/ ચીફ કમિશનર બોર્ડ ઓફ દ્વારા અધિકૃત હોય તો.)

8. કોઇ શખસની આકારણીની બાબતમાં ઇન્કમટેક્સ ઓફિસર્સ અધિકાર ક્ષેત્ર અંગે વિવાદ હોય તો તે નક્કી કરવાની સત્તા કોની પાસે છે?

(i) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ પાસે,

(ii) એસેસી પાસે,

**(iii)** ડાયરેકટર જનરલ/ચીફ કમિશનર કે ઇન્કમટેકસ કમિશનર પાસે,

(iv) જોઇન્ટ કમિશન/ જોઇન્ટ ડાયરેકટ ઓફ કમિશન પાસે.

9. કોઇ શખસના કેસ અંગે આવકવેરા અધિકારીના અધિકાર ક્ષેત્રે ના સંદર્ભમાં નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન સાચું છે?

(i) આવકવેરા અધિકારીના વિસ્તાર માં આવેલ કંપની પાસેથી ડિવિડન્ડ મેળવનાર કોઇ પણ શખસની આવકની આકારણી કરી શકે,

(ii) આવકવેરા અધિકારીના વિસ્તારમાં ધંધો કે વ્યવસાય ચલાવનાર કોઇ પણ શખસની આવકની આકારણી કરી શકે,

(iii) તેના વિસ્તારમાં રહેઠાણની વ્યવસ્થા ધરાવનાર કોઇ પણ શખસની આવકની આકારણી કરી શકે,

**(iv)** તેના વિસ્તારમાં ધંધો કે વ્યવસાય ચલાવનાર કે રહેઠાણની વ્યવસ્થા ધરાવનાર કોઇ પણ શખસની આવકની આકારણી કરી શકે.

10.નીચે જણાવેલી સત્તાઓ પૈકી કઇ સત્તા આકારણી અધિકારીને સોંપવામાં આવેલ નથી?

**(i)** કોઇ અપીલનો નિકાલ કરવાની સત્તા,

(ii) સ્વયં-આકારણી મુજબ ટેક્સ નહિ ભરવા બદલ પેનલ્ટી લાદવાની સત્તા,

(iii) આકારણીમાંથી છટકી ગયેલી આવકની પુનઃ આકારણી કરવાની સત્તા,

(iv) જો અધિકૃત હોય તો તપાસ (જડતી) અને જપ્તીની સત્તા.

11.આવકવેરા અધિકારીના ઓર્ડર સામે પ્રથમ અપીલ નીચે જણાવેલ કઇ સમય મર્યાદામાં કરવી જરૂરી છે?

(i) ઓર્ડરની તારીખથી 30 દિવસમાં,

**(ii)** એસેસીને ઓર્ડર મળ્યા તારીખથી 30 દિવસમાં,

(iii) એસેસીને ઓર્ડર મળ્યા તારીખથી 1 માસમાં,

(iv) એસેસીને ઓર્ડર મળ્યા તારીખથી 60 દિવસમાં.

જવાબોઃ

(1) (iv) (નોંધઃ કાયદાનના પ્રશ્નના અર્થઘટન અંગે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી ગણાય અને આવકવેરા અધિકારીઓ માટે બંધનકર્તા ગણાય.)

(2) (i) (નોંધઃ એસેસમેન્ટ ઓર્ડર મોકલવાની સત્તા આકારણી અધિકારીની છે.)

(3) (iv) (નોંધઃ આકારણી અધિકારી (એસેસિંગ ઓફિસર) પાસે કોઇ પણ પેનલ્ટી, વ્યાજ વગેરે ઘટાડવાની કે માફ કરવાની સત્તા નથી. આવી સત્તા ફકત ચીફ કમિશનર અને સીબીડીટી દ્વારા અધિકૃત હોય તો ડાયરેકટર જનરલ (ઇન્વેસ્ટીગેશન) પાસે છે.)

(4) (ii) (નોંધઃ કોઇ સંસ્થા કે સંગઠનને કંપની તરીકેનો દરજ્જો જાહેર કરવાની સત્તા એસેસિંગ ઓફિસર પાસે નથી. આવી સત્તા ફકત પ્રત્યક્ષ કરવેરાના મધ્યસ્થ મંડળ પાસે જ છે.)

(5) (ii) (નોંધઃ ઇન્કમટેક્સ એપેલેટ ટિબ્યૂનલ આવકવેરા ધારા હેઠળ આવકવેરાના સત્તાવાળાઓ પૈકી ગણાય નહિ, કારણ કે ટ્રિબ્યૂનલની રચના કેન્દ્ર સરકાર દ્વારા થાય છે.)

(6) (ii) (સીબીડીટી દ્વારા બહાર પાડવામાં આવતાં પરિપત્રો (સરક્યુલર્સ) ફકત આવકવેરા સત્તાવાળાઓ માટે જ બંધનકર્તા ગણાય, કારણ કે આવા સરક્યુલર્સના મુદ્દાઓ અંગે એસેસીને અપીલ કરવાને હક છે.)

(7) (iv) (નોંધઃ ડેપ્યુટી કમિશનરથી નીચેના પાયરીના આવકવેરાના સત્તાવાળીઓની નિમણૂકની સત્તા, સીબીડીટી/ ડાયરેકટર જનરલ/ ચીફ કમિશનર/  કમિશનર (જો સીબીડીટી દ્વારા અધિકૃત હોય) પાસે છે.)

(8) (iii) (નોંધઃ એસેસિંગ ઓફિસર્સના અધિકાર ક્ષેત્રની બાબતમાં વિવિધ હોય તો તેનો નિકાલ કરીને નિર્ણય લેવાની સત્તા ચીફ કમિશનર કે આવકવેરા કમિશનર પાસે જ છે.)

(9) (iv) **(નોંધઃ એસેસિંગ ઓફિસરના કાર્યક્ષેત્રમાં ધંધો-વ્યવસાય ચલાવતા કે રહેઠાણની વ્યવસ્થા ધરાવતા દરેક શખસ પર તેની હકૂમત ગણાય.)**

(10) (i) **(નોંધઃ એસેસિંગ ઓફિસર) પાસે કોઇ પણ અપીલનો નિકાલ કરવાની સત્તા નથી. આવી સત્તા ફકત કમિશનર (અપીલ્સ) પાસે જ છે.)**

(11) (ii) **(નોંધઃ એસેસીને જે તારીખે ઓર્ડર બજાવવામાં આવ્યો હોય તે તારીખથી 30 દિવસ (= 1 માસ નહિ)માં અપીલ કરી હોવી જોઇએ.)**

## પ્રકરણ - ૮ આકારણીની કાર્યવાહી અને કરની વસૂલાત

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) જે વ્યક્તિ વરિષ્ઠ નાગરિક કે સ્ત્રી ન હોય તો તેણે તેની કુલ આવક રૂ. 2,50,000 થી વધુ હોય ત્યારે આવકનું પત્રક ભરવાનું રહેશે,
   - (ii) જે વ્યક્તિ રહીશ વરિષ્ઠ નાગરિક હોય તેણે તેથી કુલ આવક રૂ. 2,60,000થી વધુ હોય ત્યારે આવકનું પત્રક ભરવાનું રહેશે,
   - (iii) કંપની સિવાયના એસેસીની કુલ આવકમાં ધંધા કે વ્યવસાયની આવકનો સમાવેશ ન થતો હોય તો તેની દષ્ટિએ આ.વ. 2020-21 માટે આવકનું પત્રક ભરવાની છેલ્લી તારીખ આકારણી વર્ષની 30મી નવેમ્બર ગણાય,
   - (iv) કંપની એસેસી માટે આવકના પત્રકનું ઇ-ફાઇલિંગ ફરજિયાત ગણાય.
2. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?
   - (i) પગાર લેણો થાય ત્યારે તેમાંથી મૂળસ્થાને કર-કપાત થાય છે,
   - (ii) મૂળસ્થાને કર-કપાતના હેતુથી પગારની આવકને નજીકના દસ રૂપિયાના ગુણક સુધી ફેરવામાં આવે છે,
   - (iii) જો વર્ષ દરમિયાન રૂ. 10,000 કે તેથી વધુ રકમ ચૂકવવાની થતી હોય તો જ એસેસી એડવાન્સ ટેકસ ભરવા માટે જવાબદાર ગણાય,
   - (iv) નોંધાયેલા ડિબેન્ચર્સ અંગે મૂળસ્થાને કર-કપાતનો દર 10% છે.

3. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) કંપની સિવાયના એસેસીએ તા. 15મી જુલાઇ કે તે પહેલાં એડવાન્સ ટેકસનો પહેલો હપતો ચૂકવવાનો થાય છે,

(ii) સંબંધિત આકારણી વર્ષનો એડવાન્સ ટેકનો હપતો (વ્યાજ સહિત) 15મી માર્ચ પછી (પરંતુ 31મી જુલાઇ પહેલા) પણ ચૂકવી શકાય છે,

(iii) દરેક એસેસીએ એડવાન્સ ટેકસની રકમ 4 હપતામાં ભરવાની હોય છે,

(iv) વરિષ્ઠ નાગરિક રહીશ એસેસીએ પણ એડવાન્સ ટેકસ ભરવાનો થાય છે.

4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે?

**(i)** સંબંધિત આકારણી અધિકારી દ્વારા ડિમાન્ડ નોટિસ મળ્યા પછી જ એસેસીએ એડવાન્સ ટેક્સ ચૂકવવાનો થાય છે,

(ii) છેવટે નિર્ધારિત કરની રકમના 90%થી ઓછો એડવાન્સ ટેક્સ ભર્યો હોય તો જ કલમ 234બી હેઠળ વ્યાજ ચૂકવવાનું થાય છે.

(iii) એડવાન્સ ટેકસની રકમ ન ભરી હોય તો સંબંધિત આકારણી વર્ષની 1લી એપ્રિલથી આકારણીની તારીખ સુધી કલમ 234સી હેઠળ વ્યાજ ચૂકવવાનું થાય છે.

(iv) એડવાન્સ ટેકસની રકમ ન ભરી હોય તો તે અંગે માસિક 1%ના દરે (અધૂરો મહિનો પણ 1 મહિનો ગણીને) વ્યાજ ચૂકવવાપાત્ર થાય છે.

5. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે?

(i) હવેથી ફકત નિર્દિષ્ટ કમ્પ્યૂટર રીડેબલ મીડિયા દ્વારા આવકનું પત્રક ભરવું ફરજિયાત છે,

(ii) દરેક શખસે (કે જેમના હિસાબો ઓડિટ કરાવવા જરૂરી છે) આકારણી વર્ષની 31મી જુલાઇ કે તે પહેલાં આવકનું પત્રક ભરવાનું હોય છે,

**(iii)** રિટર્ન મોડું ભરવા અંગે સંબંધિત આકારણી વર્ષની આખર તારીખથી એક વર્ષના ગાળામાં કે આકારણીનું કામ પૂરું થઇ જાય – બે પૈકી જે તારીખ વહેલી હોય તે પહેલાં રજૂ કરી દેવુ જરૂરી છે.

(iv) સુધારેલું રિટર્ન ભરવા અંગે સંબંધિત આકારણી વર્ષની છેલ્લી તારીખથી બે વર્ષના ગાળામાં કે આકારણીનું કામ પૂરું થઇ જાય – બે પૈકી જે તારીખ વહેલી હોય તે પહેલાં રજૂ કરી દેવું જરૂરી છે.

6. નીચે જણાવેલ વ્યવહારો પૈકી કયા વ્યવહાર અંગે કાયમી ખાતા નંબર ઉલ્લેખ કરવો ફરજિયાત નથી?

**(i)** પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેન્ક ખાતામાં રૂ. 20,000થી વધુ નહિ એવી રકમની ડિપોઝિટ વખતે,

(ii) બેન્કમાં રૂ. 50,000થી વધુ રકમની ટાઇ ડિપોઝિટ વખતે,

(iii) ટેલિફોન જોડાણની અરજી કરતી વખતે,

(iv) કોઇ પણ એક વખતે રૂ. 25,000થી વધુ રકમના હોટલના બિલ્સની ચુકવણી વખતે.

7. કાયમી ખાતા નંબર મેળવવાના સંદર્ભમાં નીચે આપેલ કયું વિધાન સાચુ નથી?

(i) જ્યારે આવક કરમુક્ત મર્યાદાથી કે વેચાણ રૂ. 5,00,000થી વધુ હોય,

**(ii)** જે આકારણી વર્ષ માટે કુલ આવક કે વેચાણ તેની મહત્તમ મર્યાદાથી વધુ હોય તે વર્ષની 31મી જુલાઇ પહેલાં કાયમી ખાતા નંબર મેળવવા માટે અરજી કરી દેવી જોઇએ,

(iii) દરેક માલિકે ફ્રિન્જ બેનિફિટ કર અંગે પત્રક ભરવું જરૂરી હોય,

(iv) જે સખાવતી ટ્રસ્ટે કલમ 139 (4એ) હેઠળ આવકનું પત્રક ભરવું જરૂરી હોય તેમણે પણ કાયમી ખાતા નંબર મેળવી લેવો જરૂરી છે.

8. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન કલમ 140એ હેઠળ સ્વયં આકારણી સંદર્ભમાં સાચું નથી?

(i) એસેસીએ તેની આવક કે ફ્રિન્જ બેનિફિટ અંગે પત્રક રજૂ કરવું જરૂરી છે,

(ii) આવું પત્રક રજૂ કરતાં પહેલાં એસેસીએ કોઇ ટેકસ કે વ્યાજ ભરવાનાં બાકી રહે છે કે નહિ તે તપાસી લેવું જરૂરી છે,

(iii) આવું પત્રક રજૂ કરતાં પહેલાં તેણે બાકી ટેક્સ + વ્યાજ અને ફીની રકમ સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ તરીકે ભરી દેવી જોઇએ,

**(iv)** આવી ટેક્સ અને વ્યાજ ભર્યાની પહોંચ એસેસીએ સાચવી રાખવી જરૂરી છે કે જેથી છેવટની આકારણી વખતે તે પહોંચ આકારણી અધિકારી સમક્ષ રજૂ કરી શકાય.

9. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન એસેસીને રૂબરૂ બોલાવ્યા વગર થનાર સમરી એસેસમેન્ટમાં સંદર્ભમાં સાચું નથી?

(i) એસેસીએ રજૂ કરેલ પત્રકના આધારે આકારણી પૂરી કરવામાં આવે છે,

(ii) જો એસેસીએ ટેક્સ/ વ્યાજની રકમ ચૂકવવાની બનતી હોય તો તેને આ અંગેની નોટિસ મોકલવામાં આવે છે,

(iii) જો એસેસીને ટેક્સ રિફંડ કરવાનો હોય તો તે અંગે નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે,

**(iv)** જો એસેસીએ કોઇ ટેક્સ/વ્યાજ ભરવાનો કે ટેક્સ રિફંડ મેળવવાનું ન થતું હોય તો તે અંગે તેને નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે.

10.નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i) જો કોઇ એસેસી નુકસાન આગળ ખેંચી જવા માગતા હોય તો તેમણે કલમ 139(1) હેઠળ નિર્ધારિત છેલ્લી તારીખ સુધીમાં આ અંગેનું પત્ર રજૂ કરી દેવું જોઇએ,

**(ii)** કલમ 234સી હેઠળ એડવાન્સ ટેક્સ નહિ ચૂકવવા બદલ આકારણી વર્ષ 2020-21 માટે માસિક (કે કોઇ માસના ભાગ અંગે) 1.25%ના દરે વ્યાજ ચૂકવવાનું થાય છે,

(iii) કલમ 139(1) હેઠળ જો કોઇ વ્યક્તિએ આવકવેરાનું પત્રક ન ભરવાનું હોય તેમ છતાં રિફન્ડ મેળવવા માટે તેણે આવું પત્રક ભરવું જરૂરી છે.

(iv) જે તે આકારણી વર્ષની છેલ્લી તારીખથી એક વર્ષના ગાળામાં જ રિફન્ડ માટેનો દાવો રજૂ કરી શકાય છે.

11. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i) એસેસીએ રજૂ કરેલ આવકના નિવેદનના આધારે આવકવેરા અધિકારી સમરી એસેસમેન્ટ કરે છે,

(ii) એસેસીએ રજૂ કરેલ આવકના નિવેદન તથા તેણે રજૂ કરેલ વધારાના પુરાવાઓની રજૂઆત સાંભળ્યા પછી આવકવેરા અધિકારી સ્ક્રુટીની એસેસમેન્ટ કરે છે,

(iii) જો કોઇ શખસ કલમ 139(1) અથવા 139(4) હેઠળ આવકનું પત્રક ભરવામાં નિષ્ફળ જાય તો આવકવેરા અધિકારી ઉત્તમ ન્યાયબુદ્ધિથી આકારણી કરી શકે છે,

**(iv)** નોટિસમાં જણાવ્યા મુજબની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જનાર એસેસી માટે ઉત્તમ ન્યાયબુદ્ધિથી આકરણી થઇ હો તો તેની સામે અપીલ થઇ શકે નહિ.

12. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી?

(i) સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ (વ્યાજ સહિત)નો કોઇ એક ભાગ પણ ચૂકવવાનો બાકી રહ્યો હોય તો વધુમાં વધુ બાકી ટેક્સ અને વ્યાજ કુલ રકમ જેટલી પેનલ્ટી થઇ શકે છે,

**(ii)** કલમ 139(1) હેઠળ આ. વ. 2020-21ના અંત સુધીમાં આવકનું પત્રક ભરવામાં નિષ્ફળતા બદલ રૂ. 10,000ની પેનલ્ટી થઇ શકે છે.

(iii) કાયમી ખાતા નંબરનો ઉલ્લેખ ન કર્યો હોય કે ખોટો ઉલ્લેખ કર્યો હોય તો તે બદલ રૂ. 10,000ની પેનલ્ટી થઇ શકે છે,

(iv) આવકવેરા અધિકારી રૂ. 10,000થી વધુ રકમની પેનલ્ટી અંગે ઓર્ડર કરી શકે નહિ.

13. આવકવેરાના સત્તાવાળાઓ દ્વારા એસેસમેન્ટ અને અપીલ વગેરે અંગે કરેલ ઓર્ડરમાં સુધારો કરવાનો સત્તાના સંદર્ભમાં નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી?

(i) આકારણી અધિકારીએ પોતે કરેલ ઓર્ડરમાં તે ભૂલ સુધારવાની સત્તા ધરાવે છે.

(ii) કલમ 143(1) હેઠળ આપેલ નોટિસ કે ધાર લેવામાં આવેલ નોટિસમાં સુધારો કરવાની આકારણી અધિકારીને સત્તા છે,

(iii) જેનો અપીલ/ રિવિઝનમાં નિકાલ થયો ન હોય એવી કોઇ પણ મેટરની કલમ 154 હેઠળ ભૂલ સુધારણા કરી શકાય છે.

જવાબોઃ

1. (ii) (નોંધઃ જે વ્યક્તિ વરિષ્ઠ નાગરિક હોય તેણે તેની કુલ આવક રૂ. 3,00,000થી વધુ હોય ત્યારે આવકનું પત્રક ભરવાનું રહેશે.)
2. (i) (નોંધઃ પગારની આવક લેણી થાય ત્યારે નહિ પરંતુ ચૂકવાય ત્યારે જ મૂળસ્થાને આવકવેરો કપાશે.)
3. (iii) (નોંધઃ દરેક એસેસીએ એડવાન્સ ટેક્સ 4 હપતામાં ચૂકવવાનો હોય છે.)
4. (i) (નોંધઃ એડવાન્સ ટેક્સ ભરવા માટે આકારણી અધિકારીની નોટિસ જરૂરી નથી. પરંતુ જેને ભરવાનો ટેક્સ રૂ. 10,000થી વધુ હોય તેણે સ્વયં એડવાન્સ ટેક્સ ભરવો પડે છે.)
5. (iii) (નોંધઃ વિધાન (i) ખોટું છે કારણ કે ફક્ત કંપની એસેસી માટે જ તે ફરજિયા છે, વિધાન (ii)માં સાચી તારીખ 30મી સપ્ટેમ્બર ગણાય અને વિધાન (iv) માં સમયમર્યાદા બે વર્ષની નહિ પણ એક વર્ષની ગણવી.)
6. (i) (નોંધઃ પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેન્કમાં રૂ. 50,000 કે તેથી વધુ રકમની ન હોય એવી ડિપોઝિટ અંગે કાયમી ખાતા નંબર આપવો જરૂરી નથી.)
7. (ii) (નોંધઃ આવક/ વેચાણ તેની મહત્તમ મર્યાદાથી વધી જાય એમ હોય ત્યારે સંબંધિત આકારણી વર્ષની 31મી મે સુધીમાં કાયમી ખાતા નંબર મેળવવા માટે અરજી કરી દેવી જોઇએ.)
8. (iv) (નોંધઃ આવકના કે ફ્રિન્જ બેનિફિટના પત્રકની સાથે જ ટેક્સ ભર્યાની પહોંચ (પુરાવો) આપવી જરૂરી છે.)
9. (iv) (નોંધઃ આ પરિસ્થિતિમાં કોઇ નોટિસ મોકલવી જરૂરી નથી અને આવકના પત્રક અંગે આપેલ સ્વીકૃતિપત્ર જ નોટિસ તરીકે ધારી લેવામાં આવશે.)

10.(ii) (નોંધઃ એડવાન્સ ટેક્સ નહિ ભરવા અંગે પ્રતિ માસ (કે તેના કોઇ ભાગ અંગે) 1%ના દરે વ્યાજ ગણવામાં આવશે.)

11.(iv) (નોંધઃ આની સામે એસેસી અપીલ કરી શકે છે.)

12.(ii) (નોંધઃ જો એસેસીએ વિલંબ માટે જણાવેલ કારણ સંતોષકારક હોય તો કોઇ પેનલ્ટી લાગશે નહિ.)

13.(iii) (નોંધઃ કમિશનર (અપીલ) દ્વારા મંજૂર થયેલ ઓર્ડર અંગે ભૂલ સુધારવાની કમિશનરને સત્તા નથી. તે ફકત પોતે આપેલ ઓર્ડર અંગે જ ભૂલ સુધારી શકે.)